Thursday 18, June 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૩૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




## દમણના સીટી સેન્ટરની દુકાનો ટ્રાફિકના મુદ્દે બંધ કરાવતા ધંધા ઠપ્પ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૭ :** દમણ બસ સ્ટેન્ડ નજીક આવેલા સિટી સેન્ટરમાં મ્યુનિસિપલ કોર્પોરેશને ઘણી દુકાનો બંધ કરાવી દીધી છે, જેના કારણે વેપારીઓમાં ચિંતા જોવા મળી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ આ કાર્યવાહી વિસ્તારમાં લાંબા સમયથી ચાલતી પાર્કિંગ સમસ્યા અને તેના પરિણામે ટ્રાફિકમાં વિક્ષેપને દૂર કરવા માટે કરવામાં આવી છે. એવું જાણવા મળ્યું છે કે સિટી સેન્ટરમાં દુકાનદારો ઘણીવાર દુકાનો પાસે અને રસ્તાના કિનારે પોતાના વાહનો પાર્ક કરે છે, જેના કારણે મુખ્ય માર્ગ પર વારંવાર ટ્રાફિક જામ થાય છે. આ મુદ્દા અંગે, મ્યુનિસિપલ કોર્પોરેશને લગભગ એક મહિના પહેલા દુકાનદારોને નોટિસ ફટકારી હતી, જેમાં તેમને જરૂરી વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી હતી.

દુકાનદારો જણાવ્યા મુજબ નોટિસ મળ્યા પછી, તેઓ આ બાબતે ચર્ચા કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સાથે મળવા ગયા હતા, પરંતુ તેમને મુલાકાતનો સમય આપવામાં આવ્યો ન હતો. પરિણામે, સમસ્યાનો ઉકેલ આવ્યો ન હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનની કાર્યવાહી બાદ, સિટી સેન્ટરમાં છેલ્લા બે દિવસથી દુકાનો બંધ છે, જેના કારણે વ્યવસાય પર અસર પડી રહી છે. દરમિયાન, સ્થાનિક વોર્ડ કાઉન્સિલરના સમર્થનથી, દુકાનદારો અને મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે ચર્ચા દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હાલમાં, આ અંગે નગરપાલિકા દ્વારા કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. વેપારીઓને આશા છે કે પરસ્પર વાતચીત દ્વારા ટૂંક સમયમાં ઉકેલ આવશે અને તેમની દુકાનો ફરીથી કાર્યરત થઈ શકશે.

## ટુકવાડામાં વાઘ નદીનો મેજર બ્રિજ પ્રતિબંધિત જાહેર

### આ માર્ગ પરના તમામ વાહનો હવે વાઘ નદીના બ્રીજથી ટુકવાડા-ઉમરપાડા-ઘાડવી-બીલધરી-ગુનસા-વાડી-ધાણવેરી-અસલકાટી બ્રીજના રસ્તે આવન-જાવન કરી શકશે

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ જિલ્લા કાર્યપાલક ઈજનેર પંચાયત (મા-મ) વિભાગ દ્વારા સુલિયા જોઈનીંગ ટીટુમાળ દિધી રોડ પર ચે.૪/૮ થી ૫/૦માં વાઘ નદી પર આવેલા મેજર બ્રીજમાં નુકશાની જણાતા આ બ્રિજ રીપેરીંગની કામગીરી માટે તેમજ કોઈ અકસ્માત ન સર્જાય તે હેતુથી બ્રીજ પરથી વાહનવ્યવહાર સંપૂર્ણ બંધ કરી ડાયવર્ઝન આપવા દરખાસ્ત કરવામાં આવી હતી, જે અંગે ધરમપુરના સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ મારફત સબંધિત કચેરીઓનો સ્થળ તપાસ અહેવાલ મેળવતાં તેઓએ ઉક્ત બ્રીજ બંધ કરી ડાયવર્ઝન આપવા હકારાત્મક અભિપ્રાય આપ્યો હતો.ઉપરોક્ત હકિકત ધ્યાને લઈ ઉપરોક્ત બ્રીજ જુનાં હોય, કોઈ દુર્ઘટના ન સર્જાય તથા આમ જનતાના જાન-માલને કોઈ નુકશાન ન થાય અને ટ્રાફિક નિયમન તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તકેદારીના ભાગરૂપે વાઘ નદી પર આવેલા બ્રીજ ઉપર વાહન-વ્યવહાર બંધ કરી ડાયવર્ઝન આપવા અંગે ગુજરાત પોલીસ અધિનિયમ ૩૩(૧)(બી) હેઠળ મળેલી સત્તાની રૂએ મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ દ્વારા તા. ૧૫/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા માટે આ માર્ગ (બ્રીજ)નો વાહન-વ્યવહાર બંધ કરી તેના પરથી પસાર થતા ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે વૈકલ્પિક માર્ગ (ડાયવર્ઝન રૂટ) જાહેર કરાયો છે. ટુકવાડા ગામે વાઘ નદી પર આવેલા મેજર બ્રીજને પ્રતિબંધિત જાહેર કરી આ માર્ગ પરના તમામ વાહનો હવે વાઘ નદીના બ્રીજથી ટુકવાડા-ઉમરપાડા-ઘાડવી-બીલધરી-ગુનસા-વાડી-ધાણવેરી-અસલકાટી બ્રીજના રસ્તે આવન-જાવન કરી શકશે.





## ચીવલમાં 'ભવાઈ' દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૭ :** નાનાપોંઢા તાલુકાના ચીવલ ગ્રામ પંચાયત કચેરી ખાતે અંતર્ગત સ્વચ્છતા અભિયાન, મનરેગા હેઠળ ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે વિસ્તૃત માહિતી ગ્રામજનો સુધી પહોંચાડવા માટે લોકકલાના માધ્યમ 'ભવાઈ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ભવાઈના રસપ્રદ અને લોક બોલીમાં રજૂ થયેલા સંદેશાઓ દ્વારા ગ્રામજનોને સરકારની યોજનાઓ માટે પ્રેરણા આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ચીવલ ગામના સરપંચ શ્રીમતી અનંતાબેન મનીષભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ નાથુભાઈ ચમારભાઈ પટેલ, ગ્રામ પંચાયત સદસ્ય રાજેશભાઈ બાલુભાઈ પટેલ, ગામના અગ્રણી રમેશભાઈ બાપુડીયાભાઈ નાયક, અશોકભાઈ અર્જુનભાઈ પટેલ, રમેશભાઈ દલપતભાઈ પટેલ સહિત ગામના અનેક નામી-અનામી આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**૧૫ દિવસમાં મધુરીમાં બીજી મોટી વન્યપ્રાણી હુમલાની ઘટના**

## ધરમપુરના મધુરીમાં દિપડાનો ખેડૂત પર હિંસક હુમલો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૭ :** ધરમપુર તાલુકાના અંતરિયાળ મધુરીગામમાં બુધવારે બપોરે દીપડાએ હિંસક હુમલો કરતાં ૫૯ વર્ષીય હરિભાઈ બનસ્યાભાઈ પવાર રહે. નીચલું ફળિયું, મધુરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

ઉલ્લેખનીય છે કે મધુરી ગામમાં આશરે ૧૫ દિવસ અગાઉ જ જંગલી ડુક્કરના હુમલામાં બાળકો સહિત ૯ જેટલા લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તે ઘટનાનો ભય હજુ ગ્રામજનોના મનમાંથી દૂર થયો નથી, ત્યાં હવે દીપડાના હિંસક હુમલાની બીજી ઘટના સામે આવતાં સમગ્ર ગામમાં ફરી ભયનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ હરિભાઈ પવાર બપોરે આશરે ૨ વાગ્યે મધુરીગામ નજીક આવેલા માંડવાચી માળી વિસ્તારમાં પાડા (ઢોર )માટે લીલો ચારો લેવા ગયા હતા. તે દરમિયાન અચાનક દીપડાએ તેમના પર હુમલો કર્યો હતો. હુમલામાં તેમના માથા, ખભા તેમજ બંને હાથના પંજાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ લોહીલુહાણ થયા હતા.

બૂમાબૂમ સાંભળી આસપાસના ગ્રામજનો દોડી આવતા દીપડો નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત હરિભાઈને સૌપ્રથમ પીંડવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર અપાઈ હતી. ત્યારબાદ ધરમપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે તેમને વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

બનાવની જાણ થતાં ગામના પટેલ અને સામાજિક કાર્યકર રમેશભાઈ ભોયાએ પંગારબારી રેન્જના આરએફઓને તાત્કાલિક જાણ કરી હતી. સાથે જ દીપડાને પકડવા ઘટના સ્થળ નજીક પાંજરું મુકવાની તેમજ ગ્રામજનોની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં ભરવાની લેખિત રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે પંગારબારી રેન્જના આરએફઓ ભૂમિકા પટેલ સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે સમગ્ર ઘટનાની તજવીજ હાથ ધરવામાં આવી છે અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તાજેતરમાં ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં દીપડાની વધતી અવરજવર અને હુમલાની ઘટનાઓને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ વ્યાપ્યો છે.


**દમણગંગા ટાઇમ્સ**

**સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો**

**મુખ્ય કાર્યાલય**

**દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.**
**ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫**
ઈમેલ- editor.dgt@gmail.com

## પારડી તા.પં.ની પ્રથમ સામાન્યસભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૭ :** પારડી તાલુકા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીની ઐતિહાસિક ૨૨ માંથી ૨૨ બેઠક વિજય થયા બાદ આજરોજ પારડી તાલુકા પંચાયતના સભાખંડમાં પારડી તાલુકા પંચાયતના પ્રમુખ કિન્નરીબેન હિતેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને તાલુકા વિકાસ અધિકારી સંદીપભાઈ ભગોરા અને ઉપપ્રમુખ હિરેનભાઈ પટેલ તથા તમામ તાલુકા પંચાયતના સભ્યોની ઉપસ્થિતિમાં તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભા યોજવામાં આવી હતી.

આ પ્રથમ સામાન્ય સભામાં એજન્ડા પરના કામોની શરૂઆત ટીડીઓ સંદીપભાઈએ કરાવી હતી. પંચાયત શાખાના અધિકારી વિશાલભાઈએ એજન્ડા પરના કામો વાંચી સંભળાવ્યા હતાં. જેમાં નવી કારોબારી સમિતિની રચના જેમાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે તરીકે હેમલતાબેન મહેશભાઈ ટંડેલ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મહેન્દ્રભાઈ હસમુખભાઈ પટેલની નિમણૂંક કરાઈ હતી.

તાલુકા પંચાયતના ઈલેક્શન બાદ ચૂંટાયેલી બોડીને હવે સંપૂર્ણ જવાબદારીઓ મળી ગઈ છે. આ પહેલા પારડી ભાજપ સંગઠનની સંકલનની બેઠક યોજાઈ હતી.

આમ તાલુકા પંચાયત પારડીમાં ચૂંટાઈ આવ્યા બાદ હવે આજથી સત્તા સોંપણી મળ્યા બાદ તમામ સભ્યો પોતાના વિસ્તારના કામોને વેગ આપશે.

## પ્રદેશ ભાજપ પ્રમુખ બે દિવસ જિલ્લામાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપીમાં આજે ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું આગમન થશે. રાત્રિ રોકાણ બાદ વહેલી સવારે કનુભાઈ દેસાઈ ઓડિટોરિયમાં કોરોનરી ધમની રોગના સેમિનારમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ વાપી મનપા વિસ્તારના પક્ષ તથા અગ્રણીઓ સાથે મુલાકાત કરશે પછી વાપીના ચલા ખાતે આવેલ મેરી લાઈફ સાયન્સ લિમિટેડ કંપની અને અતુલ ખાતે આવેલ અતુલ કંપનીની મુલાકાત લેશે. બાદ વલસાડમાં ભાજપના નવા બની રહેલા કાર્યાલય કમલમ ની મુલાકાત લેશે અન કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે આ દરમિયાન તેમની સાથે વલસાડ જિલ્લા ભાજપના પ્રમુખ હેમંતભાઈ કંસારા, રાજ્યના નાણા અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ, ચૂંટાયેલા ધારાસભ્યો અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે






## સિસોદ્રા ગણેશની જનકલ્યાણ શિબિરમાં વિવિધ સરકારી યોજનાઓના લાભ મળ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૭ :** નવસારી ગ્રામ્ય તાલુકાના સિસોદ્રા ગણેશ ગામની કુમાર શાળા ખાતે જનકલ્યાણ શિબિર યોજાઈ. કાર્યક્રમનું ઉદ્ઘાટન તાલુકા પંચાયત પ્રમુખ નયનભાઈ પટેલ તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યઓના હસ્તે કરવામાં આવ્યું હતું.

જનકલ્યાણ શિબિરનો મુખ્ય હેતુ સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ સામાન્ય નાગરિક સુધી સરળતાથી અને સમયસર પહોંચાડવાનો છે. આ અંતર્ગત વિવિધ વિભાગો દ્વારા માહિતી અને સેવા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતાં. જ્યાં નાગરિકોને વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવાની સાથે જરૂરી અરજીઓ, પ્રમાણપત્રો અને અન્ય સેવાઓ અંગે સહાયતા પણ પૂરી પાડવામાં આવી હતી.

જનકલ્યાણ શિબિરમાં આવકના દાખલા, રેશનકાર્ડમાં સુધારા, આયુષ્માન ભારત યોજના, આયુષ્માન વય વંદના યોજના, પીએમ સ્વનિધિ યોજના, પીએમ સૂર્ય ઘર યોજના, લખપતિ દીદી યોજના, ગંગાસ્વરૂપા સહાય યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના તેમજ અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી અને લાભો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે નવસારી ગ્રામ્ય વહીવટી તંત્રના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે નાગરિકોને યોજનાકીય લાભો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપી સરકારની કલ્યાણકારી યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

સરકારની સેવાઓ છેવાડાના માનવી સુધી અસરકારક રીતે પહોંચે તેમજ નાગરિકોને વિવિધ કચેરીઓના ધક્કા ખાવા ન પડે તે માટે આયોજિત જનકલ્યાણ શિબિરનો સ્થાનિક નાગરિકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને સરકારની જનકેન્દ્રિત પહેલ પ્રત્યે સંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## આહવામાં શેરડી કાપણી મજૂરોની જન સુનાવણી કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૭ :** ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત આંબેડકર ભવન ખાતે તાજેતરમાં પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (પીયુસીએલ) ગુજરાત અને મજૂર અધિકાર મંચના સંયુક્ત ઉપક્રમે શેરડી કાપણી મજૂરોની એક મહત્વપૂર્ણ જન સુનાવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાંગ સહિત આસપાસના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા શ્રમિકો, મહિલાઓ અને મુકાદમોએ આ મંચ પરથી પોતાની વર્ષો જૂની વ્યથા, કડવા અનુભવો અને અસહ્ય મુશ્કેલીઓ અંગે ખુલ્લેઆમ રજૂઆતો કરી હતી.ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ડાંગ અને તેની આસપાસના વિસ્તારોમાંથી હજારો આદિવાસી પરિવારો રોજીરોટીની તલાશમાં દક્ષિણ ગુજરાતની વિવિધ શુગર મિલોમાં શેરડી કાપણીના અત્યંત સખત શ્રમ કાર્ય માટે સ્થળાંતર કરે છે.

આ સંવેદનશીલ જન સુનાવણીમાં જુરી સભ્યો (ન્યાયિક સમિતિ) તરીકે સામાજિક ક્ષેત્રના અગ્રણીઓમાં હર્ષ હેગડે, નવસદ દેસાઈ, પંક્તિ જોગ, સુશીલા, ઈરફાન ઈન્જીનયર અને એડવોકેટ રોશન સરોલીયા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતાં. જુરી સભ્યોએ પીડિત મજૂરો અને મહિલાઓની રજૂઆતો તેમજ આપવીતીને અત્યંત ગંભીરતાપૂર્વક સાંભળી હતી. તેમણે એકસૂરે સ્વીકાર્યું હતું કે, શેરડી કાપણી મજૂરો વાસ્તવમાં ગુજરાતના કૃષિ વિકાસ અને ખાંડ ઉદ્યોગના સૌથી મહત્વના આધારસ્તંભ છે, છતાં પણ વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે તેઓ આજે પણ પોતાના હકોથી વંચિત છે. સભ્યોએ શ્રમિકોના માનવ અધિકારો અને કાનૂની હક્કોના રક્ષણ માટે રાજ્ય સરકાર તેમજ સંબંધિત શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા તાકીદે કડક પગલાં ભરવાની જરૂરિયાત પર ખાસ ભાર મૂક્યો હતો. સમગ્રપણે જોતાં, આ જન સુનાવણી લાંબા સમયથી હાંસિયામાં ધકેલાયેલા અને શોષણનો ભોગ બનેલા આદિવાસી મજૂરોના સળગતા પ્રશ્નોને સમાજ તેમજ શાસન સમક્ષ લાવવામાં ખૂબ સફળ રહી છે, જેનાથી શ્રમિકોના માનવીય ગૌરવ અને અધિકારોની લડત માટે એક નવો માર્ગ મોકળો થયો છે.

## નવસારીમાં 'સંકલ્પથી સિદ્ધિ' પ્રદર્શન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૭ :** રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા નવસારી જિલ્લાના બી.આર. ફાર્મ ખાતે તા.૧૪/૦૬/૨૦૨૬ના રોજ 'સંકલ્પથી સિદ્ધિ' થીમ આધારિત પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન દ્વારા વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને વિકાસલક્ષી પહેલોની માહિતી જનમાનસ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

વિકસિત ભારત સંકલ્પ સંમેલન-૨૦૨૬માં ઉપસ્થિત નગરજનો રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ મેળવી શકે તે આશયથી યોજાયેલા આ પ્રદર્શનમાં વિકાસની ગાથાને ચિત્રોના માધ્યમથી સર્જનાત્મક અભિવ્યક્તિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા નવસારીના સાંસદ સી.આર. પાટીલ, લોકસભાના મુખ્ય દંડક તથા બિહારના ચંપારણ લોકસભા ક્ષેત્રના સાંસદ ડૉ. સંજય જયસ્વાલ, ગુજરાત પ્રદેશના સહપ્રવક્તા ભરતભાઈ ડાંગર, રાજ્યના નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી તથા નવસારી જિલ્લાના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર ઉદ્યોગ અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ તેમજ અન્ય મહાનુભાવો, અધિકારીઓ અને પદાધિકારીઓએ 'સંકલ્પથી સિદ્ધિ' થીમ આધારિત ચિત્ર પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

કાર્યક્રમ દરમિયાન આયોજિત ચિત્ર સ્પર્ધામાં પસંદગી પામેલા ચિત્રોનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ કલાકારોની સર્જનાત્મકતાને બિરદાવી ચિત્રો દ્વારા પ્રસ્તુત વિકાસ અને જનકલ્યાણના સંદેશને પ્રશંસનીય ગણાવ્યો હતો તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવેલ છે.

## નવસારીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના આયોજન અંગે બેઠક યોજાઈ



**નવસારી, તા.૧૭ :** આગામી તા.૨૧ જુનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સફળ ઉજવણીના સુચારુ આયોજન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક નવસારીના નિવાસી અધિક કલેક્ટર જી.એન લીખીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં તેમણે યોગ દિવસની ઉજવણીમાં મહત્તમ જનભાગીદારી સુનિશ્ચિત કરવા અને તમામ વિભાગો વચ્ચે પરસ્પર સંકલન જાળવવા પર ખાસ ભાર મૂક્યો હતો અને કાર્યક્રમના માઈક્રો-પ્લાનિંગ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી.

આ વર્ષે જિલ્લા કક્ષાનો અને મહાનગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ સંયુક્ત રીતે નવસારી ટાઉનહોલ ખાતે યોજવામાં આવનારો છે. આ મુખ્ય કાર્યક્રમની સાથે-સાથે નવસારી જિલ્લાના ઐતિહાસિક અને આઈકોનિક સ્થળ એવા દાંડી ખાતે પણ સમાંતર રીતે વિશેષ યોગ સત્રનું આયોજન કરવામાં આવશે. નિવાસી અધિક કલેક્ટરએ કાર્યક્રમના સ્થળો પર બેઠક વ્યવસ્થા, પ્રોટોકોલ અને નાગરિકો માટેની પ્રાથમિક સુવિધાઓની સમીક્ષા કરી હતી. જિલ્લા પ્રશાસન વતી તમામ અધિકારીઓએ નવસારી જિલ્લાના તમામ યોગપ્રેમીઓ અને સ્વાસ્થ્યપ્રેમી નાગરિકોને આ યોગ દિવસની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે અને ગ્રામ્ય તેમજ શહેરી સ્તરે વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા જરૂરી દિશાનિર્દેશો આપ્યા છે.

આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી રોશની ચૌધરી, મામલતદાર, જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી અરુણ અગ્રવાલ, જિલ્લા યોગ સંયોજક ગાયત્રી તલાટી, નહેરુ યુવા કેન્દ્ર સંચાલક, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત-ગમત અધિકારી, આરોગ્ય અધિકારી તથા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સંદર્ભે કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

## આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં જિલ્લાકક્ષાનો યોગ દિવસ ઉજવાશે



**આહવા, તા. ૧૭ :** તા. ૨૧મી જૂન, ૨૦૨૬ના રોજ ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનાં સુચારૂ આયોજન, વ્યવસ્થા, અને અમલીકરણના ભાગરૂપે ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી. પરમારના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટર કચેરીના સભા ખંડમાં એક અગત્યની બેઠક યોજાઈ હતી.

સમગ્ર વિશ્વ અને દેશભરમાં ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસૅની ઉજવણી કરવામાં આવનાર છે. જે મુજબ ગુજરાતમાં પણ વધુને વધુ લોકોને યોગ બાબતે જાગૃત કરવા અને યોગ સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ત્યારે ડાંગમાં પણ જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ તેમજ ગામડાઓમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસૅની ઉજવણી કરવા માટે આયોજન હાથ ધરાયું છે.

બેઠકમાં કલેક્ટર એન.ડી. પરમાર દ્વારા જિલ્લા કક્ષાની ઉજવણી સંદર્ભે સ્થળની પસંદગી, વરસાદની સંભવિત પરિસ્થિતિને ધ્યાને લઈ સ્ટેજ, મંડપ અને ગ્રાઉન્ડ તૈયાર કરવા, સાઉન્ડ સિસ્ટમ, લાઈવ પ્રસારણ નિહાળવા એલઈડી સ્ક્રીન અને વીજ પુરવઠાની ઉપલબ્ધતા, ટ્રાફિક વ્યવસ્થા અને પાર્કિંગ, એમ્બ્યુલન્સ તેમજ હેલ્થની ટીમ સ્થળ પર ઉપલબ્ધ રાખવા, ગ્રાઉન્ડ તેમજ આસપાસની જગ્યાએ સાફ-સફાઈ ઉપરાંત પીવાના પાણીની વ્યવસ્થા કરવા બાબતે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

વધુમાં આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાની તમામ શાળા-કોલેજ, આરોગ્ય કેન્દ્ર, પોલીસ હેડ ક્વાર્ટર અને સરકારી તમામ કર્મચારીઓ ઉપરાંત સ્થાનિક લોકોને મોટી સંખ્યામાં ભાગ લઈ આંતરરાષ્ટ્રીય યોગ દિવસૅની ઉજવણીાં સહભાગી બને તે પ્રકારનું આયોજન કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં નિવસી અધિક કલેક્ટર હિતેશ એમ.જણકાટ, પ્રાંત અધિકારી યુ.વી. પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ પટેલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી અર્પિતા ગામીત તેમજ જિલ્લા કક્ષાના મુખ્ય ઉજવણી સમિતિના સભ્યો હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

## જામન્યામાળમાં કાયદાકીય સેમિનાર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૭ :** મહિલા અને બાળ અધિકારીની કચેરી, આહવા-ડાંગ દ્વારા એસ્પિરેશનલ બ્લોક સુબીર તાલુકાના જામન્યામાળ ગામે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત કાયદાકીય જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર મહિલા અને બાળ અધિકારી ડૉ. મનિષા મુલતાનીના દિશાદર્શન અને અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી કમલેશભાઈ ગિરાસે, તાલુકા કાનૂની સેવા સત્તા મંડળના વકીલ સંજયભાઈ બારિયા, વિશ્વ હિંદુ પરિષદના તાલુકા મંત્રી દિનેશભાઈ, સેવા સમિતિના રવિનાબેન સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને મહાનુભાવોના સન્માન સાથે



કરવામાં આવી હતી.

સેમિનારમાં સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ બેઝ્ડ સપોર્ટ સેન્ટર તેમજ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન (DHEW) દ્વારા મહિલાઓ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ જેવી કે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન સહાય યોજના, વ્હાલી દીકરી યોજના અને મહિલા સ્વાવલંબન યોજના અંગે માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત દીકરી વધામણા કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે જાગૃતિ ફેલાવવા માટે સહભાગીઓને આઈ.ઈ.સી. કિટ પણ આપવામાં આવી હતી. મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓના સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## નવસારીમાં 'પીએમ રાહત' યોજના અંગે બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૭ :** નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને પ્રધાનમંત્રી રાહત (PM RAHAT) યોજનાની જિલ્લામાં અમલવારી તેમજ હાલ ચાલી રહેલી કામગીરીની સમીક્ષા માટે જિલ્લાના તમામ સ્ટેકહોલ્ડર્સ સાથે બેઠક યોજાઈ હતી.

બેઠકમાં વાહન અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિઓને સરકારની આ ફ્લેગશીપ યોજનાનો સમયસર અને મહત્તમ લાભ મળી રહે તે માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, સિવિલ સર્જન, ટ્રાફિક પોલીસ વિભાગ તથા PMJAY હેઠળ નોંધાયેલી હોસ્પિટલોના સંચાલકોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. અકસ્માતગ્રસ્ત દર્દીઓને તાત્કાલિક સારવાર અને યોજનાનો લાભ સુનિશ્ચિત કરવા વિવિધ વિભાગો વચ્ચે અસરકારક સંકલન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

## ગણદેવીમાં આડેધડ સ્પીડ બ્રેકર્સથી વાહનચાલકો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ)

**ગણદેવી, તા.૧૭ :** ગણદેવી શહેરના વિવિધ આંતરિક માર્ગો પર નિયમોને નેવે મૂકીને આડેધડ બનાવવામાં આવેલા સ્પીડ બ્રેકર્સ હાલ વાહનચાલકો માટે ભારે માથાનો દુખાવો બન્યા છે. સ્ટેટ બેન્કથી દમણિયા હોસ્પિટલ સુધીના માત્ર એકાદ કિલોમીટરના અંતરમાં જ અંદાજે આઠ જેટલા અને સમગ્ર શહેરમાં મળીને આશરે ૧૪ જેટલા બમ્પ ખડકી દેવાયા છે. થોડાક બેફામ વાહનચાલકોને નિયંત્રિત કરવાના બહાને સ્થાનિક નગરપાલિકા દ્વારા લેવાયેલા આંધળા પગલાં સામે જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વારંવાર બ્રેક મારવા અને ગિયર બદલવાના કારણે વાહનોના સસ્પેન્શનને મોટું નુકસાન પહોંચી રહ્યું છે અને ઈંધણનો પણ બગાડ થઈ રહ્યો છે. સૌથી ગંભીર બાબત એ છે કે દર્દીઓ લઈને દોડતી ૧૦૮ જેવી ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓ માટે આ બમ્પ મોટા અવરોધરૂપ સાબિત થઈ રહ્યા છે, જેનાથી કિંમતી સમય વેડફાતાં દર્દીઓનો જીવ જોખમમાં મુકાઈ રહ્યો છે. બીજી તરફ કેન્દ્ર અને રાજ્ય સરકાર જ્યારે માર્ગ સલામતીના ધોરણો મુજબ બિનજરૂરી સ્પીડ બ્રેકર્સ હટાવવાની નીતિ અપનાવી રહી છે, ત્યારે ગણદેવીમાં તેનાથી વિપરીત થઈ રહેલી કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. આ સ્પીડ બ્રેકર્સ કોઈ વૈજ્ઞાનિક અભ્યાસ કે ચોક્કસ જરૂરિયાત વગર જ રાતોરાત બનાવી દેવાયા હોવાનો આક્ષેપ જાગૃત નાગરિકો કરી રહ્યા છે. કાયદાકીય માપદંડો વિનાના આ બમ્પ અકસ્માતને નિવારવાના બદલે કમર અને પીઠના દુખાવાના રોગને આમંત્રણ આપી રહ્યા છે. શહેરના વાહનચાલકો અને રહીશો દ્વારા નગરપાલિકા તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે આડેધડ બનાવેલા બમ્પ અંગે તાકીદે પુનર્વિચાર કરી, યોગ્ય સર્વે કરવામાં આવે અને બિનજરૂરી સ્પીડ બ્રેકર્સ તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે અન્યથા આગામી દિવસોમાં લોકઅસંતોષ વધુ ઉગ્ર બને તેવી પૂરેપૂરી શક્યતા છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૮-૦૬-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** જેઠ, ચોથ **સૂર્યોદય :** ૦૫ : ૫૮ **સૂર્યાસ્ત** ૦૭ :૨૨, **ચંદ્રોદય** - ૦૯:૯૦ **ચંદ્રાસ્ત** - ૧૦:૪૨ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - પુષ્ય

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારા માટે આર્થિક લાભ થવાની પૂરી શક્યતા છે. પરિવાર સાથે સારો સમય વિતશે અને માનસિક શાંતિનો અનુભવ કરશો. વેપારીઓ માટે દિવસ ઉત્તમ છે. અટવાયેલા કામો પૂરા થશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ મિશ્ર ફળદાયી રહેશે. નવી યોજનાઓમાં રોકાણ કરતા પહેલા વડીલોની સલાહ લેવી હિતાવહ છે. વિદ્યાર્થીઓએ વધુ મહેનત કરવી પડશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**મિથુન(ક.છ.ઘ) :** કાર્યસ્થળ પર અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે. આવકના નવા સ્ત્રોત ઊભા થઈ શકે છે. પરિવારમાં કોઈ શુભ પ્રસંગની ચર્ચા થશે.

**કર્ક(ડ.હ) :** આજનો દિવસ તમારા માટે ખૂબ જ ભાગ્યશાળી સાબિત થશે. માનસિક પ્રસન્નતા રહેશે. ભાગીદારીમાં વેપાર કરતા લોકોને મોટો ફાયદો મળી શકે છે. અટકેલા નાણાં પરત મળશે.

**સિંહ(મ.ટ.) :** વેપાર અને નોકરીમાં પ્રગતિના યોગ છે. કોઈ ખાસ મિત્રની મદદથી અટકેલું કામ પૂરું થશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** તમારી કાર્યક્ષમતામાં વધારો થશે. કાર્યક્ષેત્રે કોઈ નવી જવાબદારી મળી શકે છે.

**તુલા (ર.ત.) :** આજે તમારી મહેનતનું સાચું પરિણામ મળશે. સમાજમાં માન-પ્રતિષ્ઠા વધશે. સ્વાસ્થ્યમાં સુધારો થશે. વેપારમાં કરેલા નવા - યોગો સફળ રહેશે.

**વૃશ્ચિક(ન.ય.) :** માનસિક ચિંતાઓ દૂર થશે. મિત્રોનો સાથ સહકાર મળશે. ધાર્મિક કાર્યો તરફ રુચિ વધશે. વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતાના યોગ છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ સાવધાનીપૂર્વક પસાર કરવો. સ્વાસ્થ્ય સંબંધિત નાની-મોટી સમસ્યાઓ થઈ શકે છે. ધીરજ અને સંયમથી કામ લેવું. કોઈને ઉધાર પૈસા આપવાનું ટાળવું.

**મકર(જ.ખ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે. કાર્યસ્થળ પર પ્રમોશનની તકો મળી શકે છે. જૂના રોકાણોથી સારો નફો મળશે.

**કુંભ(ગ.શ.સ.) :** નોકરિયાત વર્ગ માટે દિવસ સારો છે. ઓફિસમાં સહકર્મીઓનો સહયોગ મળશે. વેપારમાં વિસ્તરણ માટે નવી યોજના બનાવી શકો છો. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મીન(દ.ચ.ઝ.થ) :** આજનો દિવસ તમારા માટે મિશ્ર રહેશે. પારિવારિક મતભેદો ઉકેલાઈ શકે છે. વિદ્યાર્થીઓનું મન અભ્યાસમાં લાગશે. ધાર્મિક પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## દમણ રેડિયો

**102.3 FM**

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | | | 2 | | | | 6 |
| | | 6 | 3 | | 5 | 2 | | |
| 2 | 9 | | | | | | 4 | 3 |
| | | 5 | 2 | 8 | 4 | 1 | | |
| | | | | | | | | |
| | | 1 | 6 | 5 | 3 | 8 | | |
| 7 | 3 | | | | | | 5 | 2 |
| | | 4 | 7 | | 8 | 9 | | |
| 6 | | | | 3 | | | | 8 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેકબોક્સમાંએકથીનવસુધીનોઆંકઆવવાજોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૦૭નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 1 | 9 | 6 | 3 | 8 | 2 | 5 |
| 3 | 5 | 9 | 8 | 7 | 2 | 1 | 4 | 6 |
| 8 | 2 | 6 | 5 | 4 | 1 | 3 | 7 | 9 |
| 6 | 4 | 2 | 7 | 3 | 8 | 5 | 9 | 1 |
| 9 | 8 | 3 | 4 | 1 | 5 | 2 | 6 | 7 |
| 7 | 1 | 5 | 2 | 9 | 6 | 4 | 3 | 8 |
| 2 | 6 | 4 | 1 | 5 | 9 | 7 | 8 | 3 |
| 1 | 9 | 7 | 3 | 8 | 4 | 6 | 5 | 2 |
| 5 | 3 | 8 | 6 | 2 | 7 | 9 | 1 | 4 |

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ૧૯મી જૂને વલસાડમાં આવશે

## વલસાડ જિલ્લા ભાજપા દ્વારા આગામી પ્રશિક્ષણ વર્ગના સંદર્ભે બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકારના વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આગામી ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસથી ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત, ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના આગામી તારીખ ૧૯મી જૂનના વલસાડ પ્રવાસ કાર્યક્રમ અને આગામી પ્રશિક્ષણ વર્ગના સંદર્ભમાં આજરોજ વલસાડ જિલ્લા ભાજપ મુખ્ય કાર્યાલયમાં એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠક પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર તેમજ પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોનના પ્રભારી પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાના અધ્યક્ષસ્થાને અને પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન)ની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બેઠકમાં પ્રદેશ અધ્યક્ષના આગામી પ્રવાસ કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવા માટેની વ્યૂહરચના ઘડવામાં આવી હતી. સાથે જ કાર્યકર્તાઓના વૈચારિક અને સંગઠનાત્મક સુદ્રઢીકરણ માટે યોજાનારા આગામી પ્રશિક્ષણ વર્ગ અંગે પણ વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી જરૂરી જવાબદારીઓની સોંપણી કરવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં વલસાડ જિલ્લા ભાજપના મહામંત્રીઓ, વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન પટેલ, પ્રદેશ યુવા મોરચાના કોષાધ્યક્ષ સહિત જિલ્લા સંગઠનના હોદ્દેદારો, વિવિધ મંડળના પ્રમુખો, મહામંત્રીઓ તેમજ વિવિધ મોરચાના પ્રમુખ, મહામંત્રી અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

મોદી સરકારના ૧૨ વર્ષના સુશાસનને જન-જન સુધી પહોંચાડવા અને આગામી તમામ કાર્યક્રમોને વલસાડ જિલ્લામાં અભૂતપૂર્વ સફળતા અપાવવા માટે તમામ કાર્યકર્તાઓએ એકજુથ થઈને કાર્ય કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ડુંગરીમાં જન કલ્યાણ શિબિર યોજાઈ



**૩ ગામના અંદાજે ૬૫૫ લોકોએ યોજનાકીય લાભ મેળવ્યા**

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૭ :** રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી પ્રજા સુધી બહોળા પ્રમાણમાં પહોંચે તથા આ યોજનાઓનો મહત્તમ લાભ પ્રજાજનોને મળે તેમજ વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે વિકસિત ગુજરાત ૨૦૪૭નું ધ્યેય સાકાર કરવા માટે વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તા.૧૫ જૂનના રોજથી જન કલ્યાણ શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આજે પ્રથમ દિવસે વલસાડ તાલુકાના ડુંગરી, દાતી કકવાડી અને કોસંબા ગામના લોકોને યોજનાકીય લાભ મળે તે માટે ડુંગરી પ્રાથમિક શાળાની સામે આવેલા રામજી મંદિરના હોલમાં શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની મુખ્ય યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ જનકલ્યાણ શિબિરને લાભાર્થીઓએ બિરદાવી સરકારની પ્રજાના દ્વાર સુધીની પહેલની સરાહના કરી હતી. તા.૧૯ જૂન સુધી ચાલનારી આ શિબિરનો વધુમાં વધુ લોકો લાભ લે એવો અનુરોધ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયો છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતની ડુંગરી બેઠકના સભ્ય પ્રિતિબેન આસીતભાઈ દેસાઈ, ગોરગામ તાલુકા પંચાયત બેઠકના સભ્ય નલીનીબેન પટેલ, ચીખલા તાલુકા પંચાયત બેઠકના સભ્ય માનસી પટેલ, છરવાડા તાલુકા પંચાયત બેઠકના સભ્યશ્રી હેલીબેન પટેલ તેમજ ડુંગરીના સરપંચ પંકજ પટેલ, માલવણના સરપંચ વનિતાબેન પટેલ, વલસાડ તાલુકા વિકાસ અધિકારી કેતન સોલંકી, મામલતદાર વિકાસ વાઘેલા તેમજ આગેવાનો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

અત્રે નોંધનીય છે કે, આજે તા. ૧૬ જૂન ૨૦૨૬ના રોજ જન કલ્યાણ શિબિર વલસાડ તાલુકાના મગોદડુંગરી ગામની પ્રાથમિક શાળામાં યોજાનાર છે. જેમાં પારનેરા, પારડી પારનેરા અને નનકવાડા ગામનો સમાવેશ કરાયો છે. સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી આ ૩ ગામના લાભાર્થીઓ મગોદડુંગરી પ્રાથમિક શાળામાં આવીને યોજનાકીય સહાય અને લાભ મેળવી શકશે.

## તિથલની પ્રા. શાળામાં યોગ શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૭ :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામક આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ વિશ્વ યોગ દિવસ- ૨૦૨૬ના ભાગ રૂપે આ યોગ દિવસની થીમ yoga for healthy Ageing" ને અનુલક્ષીને ભારત સરકારના આયુષ મંત્રાલયના ૧૦૦ દિવસ યોગાના ઉજવણીના ભાગ રૂપે સરકારી આયુર્વેદ દવાખાના તિથલના મેડિકલ ઓફિસર ડૉ. ધર્મિષ્ઠા પટેલ દ્વારા ગોદાવરીબા માધ્યમિક શાળા તિથલ ખાતે યોગ શિબિરનું આયોજન તા.૧૬/૦૬/૨૬ મંગળવારના રોજ સવારે કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના આચાર્ય યોગેન્દ્રભાઈ ચૌહાણ તથા ડૉ. ધર્મિષ્ઠા પટેલે બાળકોને યોગ વિશે માહિતી આપી ત્યારબાદ યોગ ટ્રેનર મનીષભાઈ પટેલ દ્વારા પ્રોટોકોલ અનુસારના વિવિધ આસનો, પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતાં. અનુલોમ વિલોમ, ભ્રામરી જેવા પ્રાણાયામ કરાવી એના લાભ વિશે માહીતિ આપવામાં આવી હતી. શાળાના શિક્ષક ગણે પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ફાર્માસિસ્ટ દીપિકા પટેલ તથા સેવક ચૈતાલી બરોડિયા દ્વારા પેમ્પ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## વલસાડ જિલ્લાના ખેડૂતોને શાકભાજીના હાઈબ્રીડ બિયારણની કીટ વિનામૂલ્યે અપાશે

(દમણગંગા ટાઈમ્સ )

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ જિલ્લાના અનુસૂચિત જન જાતિ અને અનુસૂચિત જાતિના ખેડૂતો માટે બાગાયત ખાતાની વિવિધ પ્રકારની યોજનાકીય સહાય અમલમાં છે. જે અંતર્ગત અનુસૂચિત જન જાતિ અને અનુસૂચિત જાતિના ખેડૂત ખાતેદારો માટે વિનામૂલ્યે શાકભાજીના હાઈબ્રીડ બિયારણ કિટ આપવાની યોજનાને ચાલુ રાખવાની મંજુરી મળી છે. જેમાં હાઈબ્રીડ શાકભાજી વાવેતર વિસ્તાર માટે રૂ.૨૦૦૦/- સુધીની મર્યાદામાં વિનામૂલ્યે કિટ મળવાપાત્ર છે. જેમાં હાઈબ્રીડ શાકભાજી બિયારણ તેમજ જૈવિક દવા અને જૈવિક ખાતર, પ્લાસ્ટિક ક્રેટ વગેરેની ઈનપુટ કિટ વિનામુલ્યે આપવામાં આવશે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે યોજના હેઠળ લાભ લેવા ઈચ્છુક વલસાડ જિલ્લાના અનુસૂચિત જન જાતિ અને અનુસૂચિત જાતિના ખેડૂતો એ ૭-૧૨, ૮-અ, આધાર કાર્ડની નકલ, સંયુક્ત ખાતેદારના કિસ્સામાં સંમતિ પત્રક તથા અનુસૂચિત જાતિ અંગેનો સક્ષમ અધિકારીનો દાખલા સહિત જરૂરી કાગળો સાથે નિયત સમયમર્યાદામાં નાયબ બાગાયત નિયામકની કચેરી, જિ. વલસાડ, શ્રમજીવી વિદ્યા મંદિર, પહેલો માળ, એચ.ડી.એફ.સી. બેંક વલસાડ શાખાની સામેની ગલીમાં, તિથલ રોડ, વલસાડ, તા. વલસાડ, જિ. વલસાડ - ૩૯૬૦૦૧, ખાતે નોંધ કરાવાની રહેશે એમ નાયબ બાગાયત નિયામક, વલસાડ દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ધરમપુરમાં લોકમંગલમ ટ્રસ્ટ દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૭ :** ધરમપુર ખાતે લોકમંગલમ ચેરીટેબલ ટ્રસ્ટ, ખોબા, રોટરી ક્લબ ઓફ તાપી-સુરત, ગોપાલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત તથા અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે પ્રોજેક્ટ ડીગ્નિટી અંતર્ગત ધરમપુર ખાતે તા. ૧૦/૧૧ જૂન ૨૦૨૬ના રોજ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં દિવ્યાંગજનોને જયપુર ફૂટ પ્રોસ્થેટિક હાથ બનાવી આપવામાં આવ્યા અને પોલિયોગ્રસ્તોને કેલીપર્સ મફતમાં વિતરિત કરવામાં આવ્યા હતા. આ કેમ્પનો કુલ ૩૦ જેટલા લોકોએ લાભ લીધો હતો.

## વલસાડના વિવિધ ગામોમાં સ્વચ્છતા કામગીરી હાથ ધરાઈ



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૭ :** ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જન કલ્યાણના અંતર્ગત સમગ્ર રાજ્ય સહિત વલસાડ જિલ્લામાં પણ સ્વચ્છતા સપ્તાહ અભિયાન ચાલી રહ્યું છે.

જે પૈકી વલસાડ જિલ્લાના વિવિધ ગામોમાં વ્યાપક સ્વચ્છતા કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર નીતીન સાંગવાનના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાનમાં વિવિધ ગામોમાં રસ્તાઓ, સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવેની તેમજ જાહેર સ્થળોની સ્વચ્છતા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જેમાં ગ્રામજનો, સરપંચઓ, પંચાયતના સભ્યો, કર્મચારીઓ અને સ્થાનિક આગેવાનોના સહયોગથી ગામોને વધુ સ્વચ્છ અને આરોગ્યપ્રદ બનાવવા માટે શ્રમદાન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન એકત્રિત થયેલા કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો તેમજ સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવા માટે લોકોને સ્વચ્છ પર્યાવરણ જાળવવા અપીલ કરવામાં આવી. સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામના સંકલ્પ સાથે ગ્રામજનોમાં ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી.

## ઉમરગામમાં જન કલ્યાણ શિબિર યોજાઈ




(દમણગશ્રંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ નાગરિકો સુધી પહોંચે તે હેતુથી ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં ગાંધી સદન ખાતે જન કલ્યાણ શિબિર-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ધારાસભ્ય રમણભાઈ પાટકર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉમરગામ નગરપાલિકા શાસક પક્ષના નેતા વસુમતીબેન, દંડક મીત વાઘેલા, પૂર્વ ઉપપ્રમુખ તથા હાલના સભ્ય જયશ્રીબેન, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ જોશી સહિત આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા મામલતદારે જન કલ્યાણ શિબિરના હેતુ અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે લોકો માહિતગાર બને તેમજ જરૂરિયાતમંદ લાભાર્થીઓને તેનો સીધો લાભ મળી રહે તે માટે આવા શિબિરોનું આયોજન કરવામાં આવે છે. શિબિરમાં આરોગ્ય વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ સહિત વિવિધ સરકારી વિભાગો દ્વારા ઉપસ્થિત નાગરિકોને સરકારની યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને પ્રમાણપત્રો અને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## હનુમતમાળમાં જનકલ્યાણ શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ)

**ધરમપુર, તા. ૧૭ :** પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૨ વર્ષની આ અવિરત યાત્રા આજે દેશના ખૂણે-ખૂણાને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે. ત્યારે જનકલ્યાણના સંકલ્પને સાકાર કરતી જનકલ્યાણ શિબિર ધરમપુરના હનમતમાળ ગામ ખાતે પ્રાથમિક શાળામાં ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું કે, રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચે, લાભાર્થીઓની સમસ્યાઓનું સ્થળ પર નિરાકરણ થાય અને નાગરિકોને સરળતાથી સરકારી સેવાઓ મળી રહે તે હેતુથી આયોજિત આ શિબિરમાં મોટી સંખ્યામાં નાગરિકો લાભ લઈ રહ્યા છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા બદલ તમામ અધિકારીઓ, કર્મચારીઓ, જનપ્રતિનિધિઓ તથા ઉપસ્થિત નાગરિકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. સેવા, સુશાસન અને જનકલ્યાણના મંત્ર સાથે લોકોના હિત માટે અમારી પ્રતિબદ્ધતા સતત યથાવત રહેશે.

## કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીપાદ નાયકે સેલવાસની મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૭ :** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના બાર વર્ષના કાર્યકાળ દરમિયાન વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના કાર્યોને લઈને કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીપાદ નાયકે આજે સિલવાસાની મુલાકાત લીધી.




આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટી, દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ પ્રદેશના અધ્યક્ષ મહેશભાઈ અગરિયા સહિત પક્ષના અન્ય આગેવાનોએ તેમનું સ્વાગત કર્યું.

તેમના પ્રવાસ દરમિયાન કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીપાદ નાયકે ભાજપના હોદ્દેદારો સાથે સિલવાસા સ્થિત નમો મેડિકલ કોલેજની મુલાકાત લીધી. આ દરમિયાન તેમણે મેડિકલ કોલેજના ડીન સાથે મુલાકાત કરી અને સંસ્થામાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ, તબીબી શિક્ષણ તેમજ આધુનિક સુવિધાઓ અંગે માહિતી મેળવી.

આ અવસરે નાયકે કેન્દ્રશાસિત પ્રદેશમાં થયેલા વિકાસ કાર્યોની પ્રશંસા કરતાં જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ આદિવાસી બહુલ આ પ્રદેશમાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ છે. તેમણે જણાવ્યું કે આજે અહીંના નાગરિકોને આધુનિક આરોગ્ય સેવાઓ, વધુ સારી તબીબી સુવિધાઓ અને ગુણવત્તાસભર મેડિકલ શિક્ષણ ઉપલબ્ધ થઈ રહ્યું છે, જે પ્રદેશના સર્વાંગી વિકાસનું પ્રતીક છે.

## આસુરા માન નદીમાં પોલીસ-ફાયર વિભાગની જીવંત મોક ડ્રીલ યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૭ :** ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી પૂર અને ડૂબી જવાની દુર્ઘટનાઓ સામે વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ બને તે હેતુથી ધરમપુર ડિવિઝન પોલીસ અને ફાયર સેફટી વિભાગ દ્વારા આસુરા પાસે પસાર થતી માન નદીના પટમાં સંયુક્ત આપત્તિ વ્યવસ્થાપન મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. મોક ડ્રીલ દરમિયાન પૂરની સ્થિતિમાં બચાવ કામગીરીનું જીવંત પ્રદર્શન કરી નાગરિકોને જાગૃત કરવામાં આવ્યા હતાં.



પત્રકારો સાથેની વાતચીત દરમિયાન એએસપી ડો. સંદીપ ટી.એ જણાવ્યું હતું કે ચોમાસા દરમિયાન ભારે વરસાદના કારણે પૂર અને ડૂબી જવાની ઘટનાઓમાં વધારો થતો હોય છે. આવી સ્થિતિમાં પોલીસ, ફાયર વિભાગ અને અન્ય બચાવ એજન્સીઓ વચ્ચે ઝડપી સંકલન તેમજ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા આ મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે.

મોક ડ્રીલમાં બે મિત્રો માન નદી કિનારે ફરવા ગયા હોય અને એક મિત્ર અચાનક નદીમાં ડૂબી જતાં બીજો મિત્ર તરત જ ૧૧૨ પર ફોન કરે છે. ત્યારબાદ પોલીસ, ફાયર બ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી આધુનિક બચાવ સાધનોની મદદથી યુવકને બહાર કાઢી તેને પ્રાથમિક સારવાર અને શ્વાસોચ્છવાસની પ્રક્રિયા આપી હોસ્પિટલ ખસેડે છે. સમગ્ર દૃશ્ય અત્યંત વાસ્તવિક અને ભાવનાત્મક રીતે રજૂ કરવામાં આવ્યું હતું.

એએસપી ડો. સંદીપ ટી.એ જણાવ્યું હતું કે ફાયર વિભાગ પાસે લાઈફ જેકેટ, રાફટ સહિતના આધુનિક બચાવ સાધનો ઉપલબ્ધ છે. સાથે જ સામાન્ય નાગરિકો પણ પ્લાસ્ટિકની ખાલી બોટલો કે હવા ભરેલા કેનનો તરાપા તરીકે ઉપયોગ કરીને કટોકટી સમયે પોતાનો કે અન્યનો જીવ બચાવી શકે છે. ચોમાસા દરમિયાન સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસની પેટ્રોલિંગ ટીમો સતત કાર્યરત રહેશે. ઉપરાંત આપદા મિત્રૉ કમ્યુનિટી વોલન્ટિયર્સ ૨૪ કલાક સેવા માટે તૈયાર રહેશે અને સ્થાનિક ગ્રામજનો તથા સમુદાયના અગ્રણીઓને પણ બચાવ કામગીરીમાં જોડવામાં આવશે.

આ મોક ડ્રીલ દરમિયાન ધરમપુર પોલીસ મથકના પીઆઈ નિખિલભાઈ ભોયા, નાના પોંઢા પોલીસ મથકના પીઆઈ એમ. એન. કાતરિયા, કપરાડા પોલીસ મથકના પીઆઈ ડી. એન. વાંઝા, ધરમપુર પોલીસ મથકના પીએસઆઈ વીનેશભાઈ વસાવા, પોલીસ કર્મચારીઓ, જીઆરડી અને હોમગાર્ડના જવાનો ઉપસ્થિત રહી બચાવ કામગીરીમાં સક્રિય રીતે જોડાયા હતા.

## અંભેટીમાં ઘરેલુ હિંસા અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા નાનાપોંઢા તાલુકાના અંભેટી ગામ સ્થિત મહિલા સંચાલિત દૂધ ડેરી (કેસલ ફળિયું) ખાતે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ગામના સરપંચ યોગેશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં કાર્યક્રમનો મુખ્ય હેતુ સમજાવતા જણાવ્યું કે, મહિલાઓને કાનુની જાગૃતિ અને અધિકારો અંગે માહિતગાર કરી મહિલા સુરક્ષા અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવા આ કાર્યક્રમનું આયોજન કરાયુ છે. શ્વેતાબેન આર દેસાઇ, જિલ્લા મહિલા અને બાળ અધિકારી, વલસાડ દ્વારા સ્ત્રીઓના રક્ષણ, સશક્તિકરણ અને સમાનતા સુનિશ્ચિત કરવા માટે ઘડાયેલા વિશેષ કાયદાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. શ્રી કમલેશ ગીરાસે, દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી વલસાડ દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત વિગતવાર માહિતી આપવામાં આવી અને વિવિધ પ્રકારની હિંસા થઈ શકે એના વિશે સમજણ આપવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ મિશન કૉ-ઓર્ડીનેટર જિજ્ઞેશ પટેલ દ્વારા વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના તેમજ અન્ય મહિલાલક્ષી વિવિધ યોજનાકીય માહિતી આપી હતી. ખુશ્બુબેન પટેલ એડવોકેટ વલસાડ દ્વારા મહિલાઓના કાયદાઓ તેમજ જિલ્લા સેવા સત્તા મંડળની યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સખી વન સ્ટોપ સેન્ટર વલસાડના કાઉન્સેલર સ્નેહાલીબેન પટેલ દ્વારા સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરીનો પરિચય આપવામાં આવ્યો હતો.

પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર કપરાડાના કાઉન્સેલર સ્નેહલબેન પટેલ દ્વારા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં DLSAના કર્મચારીગણ, SHE TEAM પોલીસ - નાનાપોંઢા, આંગણવાડી કાર્યકર બહેનો, સરપંચશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, દૂધ મંડળીના પ્રમુખ, ગામના આગેવાનો તથા મોટી સંખ્યામાં ગામના બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ઝરોલીમાં બ્લડ ચેકઅપ કેમ્પ યોજાયો

(દમણગશ્રંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** રાષ્ટ્રીય સેલ્યુટ ત્રિરંગા ગુજરાત દ્વારા ઉમરગાંમ તાલુકાના ઝરોલીની ઝવેરીબેન હીરજીભાઈ શાહ શાળા ખાતે મફત લોહિ ચેકપ તથા આંખ તપાસ, ફ્રી ચશ્મા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં આજુબાજુના અંદાજે ૨૩૦ જરૂરિયાતમંદોની વિનામૂલ્યે તપાસ કરી ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેલ્યુટ ત્રિરંગાના રાષ્ટ્રીય મહામંત્રી ઉત્તમભાઈ પટેલ, મયુરભાઈ વખારિયાના માર્ગદર્શન હેઠળ ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને સર્વમંગલ ફેમિલી ટ્રસ્ટના તબીબોની ટીમે સેવાઓ આપી હતી. અંકલાસના સરપંચ રવુભાઈ વળવી તથા નીતિનભાઈ પ્રજાપતિએ સમગ્ર કેમ્પનું સુંદર આયોજન કર્યું હતું. આ તબીબી કેમ્પમાં સેલ્યુટ ત્રિરંગાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પિયુષભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા તેઓને ગ્રામ પંચાયત સરપંચ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત સ્વાગત કર્યું હતું.



# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## અહંકારથી શૂન્યતા તરફ...



માનવજીવનની સૌથી મોટી કરુણતા એ છે કે તે પોતાની જાતને સર્વસ્વ માની બેસે છે. હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે. નરસિંહ મહેતાની આ પંક્તિઓ સદીઓ પછી પણ આજે આપણા રોજિંદા જીવનમાં એટલી જ સચોટ બેસે છે. આપણે આપણા નાના એવા જીવનમાં થોડીક સફળતા મેળવીએ, ચાર લોકો આપણને ઓળખવા લાગે, કે બે પૈસા વધારે કમાઈ લઈએ એટલે તરત જ અહંકારનો એક અદ્રશ્ય ગઢ ચણવા લાગીએ છીએ. આપણને એમ થવા લાગે છે કે આ બધું મારી મહેનત, મારી બુદ્ધિ અને મારી કુશળતાના કારણે જ છે. પરંતુ જ્યારે કુદરત પોતાનું વિરાટ રૂપ બતાવે છે, ત્યારે માણસને પોતાની અસલી હેસિયત સમજાઈ જાય છે. ખરેખર તો, બ્રહ્માંડના આ અનંત નકશામાં આપણું અસ્તિત્વ એક નાનકડા રજકણ બરાબર પણ નથી. હું શૂન્ય છું. હું કંઈ જ નથી. એ વાતનો અંતઃકરણથી સ્વીકાર કરવો, એ જ સાચી આધ્યાત્મિકતા અને માનસિક શાંતિની શરૂઆત છે.

સામાન્ય રીતે શૂન્ય શબ્દ આપણને નકારાત્મક લાગે છે. ગણિતમાં શૂન્ય એટલે કશું જ નહીં, એક ખાલીપો. પરંતુ આધ્યાત્મિક અને વ્યવહારિક જગતમાં શૂન્ય થવું એ સૌથી અઘરી અને સર્વોચ્ચ સ્થિતિ છે.

જ્યાં સુધી આપણું મન હું, મારું, પદ અને પ્રતિષ્ઠાના અહંકારથી ભરેલું રહેશે, ત્યાં સુધી તેમાં પરમાત્માનો કે પરમ જ્ઞાનનો પ્રવેશ અશક્ય છે. જ્યારે માણસ હૃદયપૂર્વક સ્વીકારે છે કે "I am nothing" ( હું કંઈ જ નથી), ત્યારે તેના મનમાં એક અદભુત અને પવિત્ર ખાલીપો સર્જાય છે. આ ખાલીપો ઉદાસીનો નથી, પણ પરમ તત્વને પોતાનામાં સમાવવા માટેની પૂર્વતૈયારી છે. શૂન્ય બનવું એટલે પોતાની જાતને હલકી કરવી, અપેક્ષાઓ અને ચિંતાઓના ભારથી મુક્ત થવું. જે વ્યક્તિ શૂન્ય થઈ શકે છે, તે જ અનંતને પામી શકે છે.

આ સૃષ્ટિનો એક અટલ નિયમ છે કે જ્યાં પૂર્ણ શૂન્યતા હોય છે, ત્યાં જ પૂર્ણતા વહે છે. જ્યારે આપણે આપણી જાતને ઓગાળીને શૂન્ય કરીએ છીએ, ત્યારે જ આપણને સમજાય છે કે અંતે તો ઈશ્વર જ સર્વસ્વ છે. આપણે તો આ જગતના રંગમંચ પર માત્ર નિમિત્ત માત્ર છીએ. આપણી આસપાસ નજર કરીએ તો આ વિશાળ સૃષ્ટિના સૂર્ય, ચંદ્ર, તારા, વહેતી નદીઓ, અફાટ સમુદ્ર અને પૃથ્વી પર ધબકતું જીવન, આ બધું જ કોઈ અદ્રશ્ય, અલૌકિક અને પરમ શક્તિના સંચાલનથી ચાલી રહ્યું છે. એ પરમાત્મા પાસે અસીમ સામર્થ્ય છે, તે જ સર્વશક્તિમાન છે.

આપણી બુદ્ધિ, આપણું વિજ્ઞાન કે આપણી ટેક્નોલોજી ગમે તેટલી આગળ વધી જાય, પણ કુદરતના એક નાના ઝટકા સામે કે અણધાર્યા સંજોગો સામે આપણે લાચાર થઈ જઈએ છીએ. જ્યારે માણસ આ સત્યને સ્વીકારી લે છે, ત્યારે તેનો ખોટો ગર્વ ઓગળી જાય છે અને હૃદયમાં કૃતજ્ઞતાનો ભાવ જન્મે છે. આપણો દરેક શ્વાસ એ આપણી તાકાત નથી, પણ ઈશ્વરની કૃપાની જ દેન છે.

જ્યારે માણસને પોતાની લઘુતા અને ઈશ્વરની વિરાટતા સમજાઈ જાય છે, ત્યારે તેના જીવનનો સૌથી સુંદર અને સુખદ વળાંક આવે છે, જેને આપણે કહીએ છીએ, હું એના શરણે રહું છું. શરણાગતિ એ કોઈ કાયરતા નથી, પરંતુ સર્વોચ્ચ બુદ્ધિમાની છે. તે જીવનની હાર નથી, પણ પરમ વિજયની શરૂઆત છે. જેમ એક નાનું બાળક મેળાની ભીડમાં પોતાના પિતાની આંગળી પકડી લે, પછી તેને દુનિયાના કોઈ ભય કે ખોવાઈ જવાની ચિંતા રહેતી નથી; બરાબર તેવી જ રીતે, જે જીવ પોતાને પરમાત્માના શરણોમાં સોંપી દે છે, તેના જીવનમાંથી તમામ પ્રકારના ડર અને ચિંતાઓ ગાયબ થઈ જાય છે. શરણાગતિનો અર્થ એવો ક્યારેય નથી કે આપણે કર્મ કરવાનું છોડીને આળસુ બની જવું. તેનો સાચો અર્થ એ છે કે કર્મ પૂરી પ્રમાણિકતા અને નિષ્ઠાથી કરવું, પણ તેના પરિણામનો બધો જ ભાર ઈશ્વરના ચરણોમાં સોંપી દેવો.

?આજની આ ભાગદોડ અને હરીફાઈથી ભરેલી જિંદગીમાં માણસ માનસિક તણાવ, ડિપ્રેશન અને અશાંતિથી ઘેરાયેલો રહે છે. તેનું મુખ્ય કારણ એ જ છે કે તે જીવનની દરેક પરિસ્થિતિનો ભાર, સુખ-દુઃખની જવાબદારી પોતાના નબળા ખભા પર લઈને ફરે છે. આપણે સુખના દિવસોમાં મેં કર્યું કહીને કૂદવા લાગીએ છીએ અને દુઃખમાં ભાગ્યને દોષ આપીએ છીએ. પરંતુ જો આપણે રોજ સવારે વહેલા ઉઠીને માત્ર એટલું જ કહીએ હે પ્રભુ, હું તો શૂન્ય છું, તું જ સર્વસ્વ છે, આજે જે કંઈ પણ કરીશ તે તારા ચરણોમાં સમર્પિત છે, તો જીવન જીવવાનો આખો દ્રષ્ટિકોણ બદલાઈ જશે. ચિંતાની જગ્યા ચિંતન લઈ લેશે.

અંતે, જ્યારે આ જીવનનો પડદો પડશે અને આપણી સફર પૂરી થશે, ત્યારે આપણી ધન-દોલત, બંગલા, ગાડીઓ કે પદ-પ્રતિષ્ઠા કંઈ જ સાથે આવવાનું નથી. સિકંદર જેવા વિજેતાએ પણ ખાલી હાથે જવું પડ્યું હતું. અંતે તો એ જ સનાતન સત્ય સામે આવશે કે આપણે ખાલી હાથે આવ્યા હતા અને ખાલી હાથે જ જવાનું છે. તો પછી જીવતેજીવ શા માટે અહંકારનો આટલો ભાર લઈને ફરવું?

હું ને ઓગાળીને, શૂન્ય બનવાથી એ પરમ શક્તિના શરણમાં રહેવાનો આનંદ માણવા મળે છે. એનાથી મોટું કોઈ સુખ નથી અને એનાથી મોટી કોઈ મુક્તિ નથી.

**- કિંજલ પંડયા, પારડી**

## વાંચન અને સ્માર્ટફોન



માનવ સભ્યતાના વિકાસમાં પુસ્તકોએ હંમેશાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. વિચારોની ક્રાંતિ અને માનવીય સંવેદનાઓને જીવંત રાખવાનું કામ પુસ્તકો દ્વારા જ શક્ય બન્યું છે. એક સમય હતો જ્યારે નવરાશની પળોમાં કે રાત્રે સૂતા પહેલા હાથમાં પુસ્તક હોવું એ માનસિક શાંતિની ગેરંટી ગણાતું હતું. પરંતુ આજે આપણી સવાર અને રાત કોઈ પુસ્તકના પાનાથી નહીં, પણ સ્માર્ટફોનની ચમકતી રોશની અને સોશિયલ મીડિયાના નોટિફિકેશન્સથી થાય છે. આપણે એક એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં આપણી આસપાસ માહિતીનો મહાસાગર તો છે, પરંતુ વાસ્તવિક જ્ઞાન, ધીરજ અને વૈચારિક ઊંડાણ સતત ઘટતું જઈ રહ્યું છે. પુસ્તકોથી આ વધતું અંતર માત્ર એક વ્યક્તિગત શોખ છૂટી જવો એટલું જ નથી, પરંતુ આ આપણા સમાજની વિચારવાની અને સમજવાની સંસ્કૃતિ પર એક શાંત હુમલો છે.

ઘણા લોકો સમય ન મળવાનું બહાનું બનાવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આપણે દરરોજ કેટલાય કલાકો કોઈ ચોક્કસ કારણ વગર માત્ર સ્ક્રીન સ્ક્રોલ કરવામાં વિતાવી દઈએ છીએ. આજના ડિજિટલ પ્લેટફોર્મ્સને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે કે તેઓ આપણા મગજને પોતાના ગુલામ બનાવી શકે. રીલ્સ અને શોર્ટ્સમાંથી મળતા ત્વરિત આનંદ (Instant Gratification) ને કારણે આજે આપણો અટેન્શન સ્પેન (એકાગ્રતા) ખતરનાક સ્તર સુધી ઘટી ગયો છે. શાંતિથી બેસીને કોઈ પુસ્તક વાંચવું હવે આપણને થકવી નાખતું કામ લાગવા માંડ્યું છે.જ્યારે આપણે પુસ્તકોથી દૂર થયા, ત્યારે આપણે માત્ર કાગળનો સાથ નથી છોડ્યો, પરંતુ આપણી કેટલીય અમૂલ્ય માનસિક ક્ષમતાઓ પણ ગુમાવી દીધી છે. ઈન્ટરનેટનું અડધું-પડધું જ્ઞાન સમાજમાં ભ્રમ ફેલાવી રહ્યું છે, કારણ કે પુસ્તકો વિના આપણી તાર્કિક ક્ષમતા નબળી પડી ગઈ છે. વાર્તાઓ અને નવલકથાઓથી દૂર રહેવાને કારણે આપણામાં અન્યો પ્રત્યેની સહાનુભૂતિ અને માનવતા પણ ઓછી થઈ રહી છે, જેનાથી સમાજમાં ઉગ્રતા અને અસહિષ્ણુતા વધી રહી છે. આ સિવાય, સ્ક્રીનની રોશની માનસિક બેચેની અને અનિદ્રા વધારે છે, જ્યારે વિજ્ઞાન સાબિત કરી ચૂક્યું છે કે દિવસમાં માત્ર દસ મિનિટ પુસ્તક વાંચવાથી પણ માનસિક તણાવ ઘણો ઓછો થઈ જાય છે.

ડિજિટલ ક્રાંતિના આ યુગમાં ઈ-બુક્સ પોતાની જગ્યાએ સાચી હોઈ શકે છે, પરંતુ જે મજા હાથમાં અસલી પુસ્તક લઈને વાંચવામાં છે, તે સ્ક્રીન પર ક્યારેય ન આવી શકે. પાનાને સ્પર્શ કરવો, તેની સુગંધ અને માર્જિનમાં નોટ્સ લખવી એ એક એવો અનુભવ છે જે ઊંડી યાદો બનાવે છે. સૌથી મોટી વાત એ છે કે, પુસ્તક વાંચતી વખતે વોટ્સએપ કે જાહેરાતોનું કોઈ નોટિફિકેશન તમારું ધ્યાન ભટકાવતું નથી. પુસ્તક આપણને એકાગ્રતા શીખવે છે, જ્યારે સ્ક્રીન આપણને ભટકાવે છે.

આ અંતરને મિટાવવું મુશ્કેલ નથી. આપણે રાત્રે સૂતા પહેલા અડધો કલાક પહેલા ફોન દૂર રાખવાનો અને પલંગની નજીક પુસ્તક રાખીને રોજ માત્ર પાંચ પાના વાંચવાનો નિયમ બનાવવો પડશે. શરૂઆત કોઈ પણ હળવી-ફૂલવી અને મનપસંદ વાર્તાથી કરી શકાય છે. સ્માર્ટફોન આપણા જીવનને ઝડપ અને સુવિધાઓ આપી શકે છે, પરંતુ આપણા મનને શાંતિ, વિચારોને ઊંડાણ અને ચરિત્રને સંસ્કાર માત્ર પુસ્તકો જ આપી શકે છે. સમય આવી ગયો છે કે આપણે આ અંધારી ડિજિટલ દુનિયામાંથી થોડીવાર માટે બહાર નીકળીએ, ફોનને લોક કરીએ અને કોઈ સારા પુસ્તકનું પહેલું પાનું ખોલીએ; કારણ કે જ્યારે એક પુસ્તક ખુલે છે, ત્યારે તેની સાથે એક બંધ મગજ પણ ખુલી જાય છે.

**- અંજલિ પ્રજાપતિ, પારડી**

## દમણગંગા ટાઈમ્સ

**દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.** - સંપાદક

## શિક્ષણમાં યોગદાન એ પણ એક યજ્ઞ છે!!



શાળા કોલેજો ઉનાળુ વેકેશનની પુર્ણાહુતિ બાદ નવા શૈક્ષણિક સત્રાનો પ્રારંભ થયોને અઠવાડિયું થયું ત્યારે નવા સત્રાનો પ્રારંભ નવા ઉત્સાહ સાથે હવે વિદ્યાર્થીઓ નવા શૈક્ષણિક સત્રના મંડાણ વચ્ચે ગત માર્ચ એપ્રિલમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિદ્યાર્થીઓની બોર્ડ સહીતની વાર્ષિક પરીક્ષામાં ઉર્તીણ થયા બાદ નવા સત્રના પ્રારંભે શહેરની નામાંકિત ગણાતી શાળાઓમા પ્રવેશ માટેની દોડધામ પૂર્વ થવાના આડે શહેરની કેટલીક શાળાઓમાં યેનકેન પ્રકારે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી લીધા જયારે બીજી બાજુ શાળાઓના નવા શૈક્ષણિક આરંભ પૂર્વે શહેરમાં યુનિફોર્મ, સ્ટેશનરી તથા એજ્યુકેશન એક્સસરીઝ દુકાનોમાં વાલીઓ, વિદ્યાર્થીઓ યુનિફોર્મ, સ્ટેશનરી અને પાઠ્યપુસ્તકોની ખરીદીમાં ઉત્સાહ દર્શાવાતા દુકાનોમાં ભીડ જોવા મળે છે જો કે નવા શૈક્ષણિક સત્રના આરંભ પૂર્વે પાઠ્યપુસ્તકોમાં માંગણી મુજબના જથ્થો ઉપલબ્ધ નથી. કેટલાક ધોરણના નવા કોર્ષના પુસ્તકો મળતા નથી.

જેથી વાલીઓ અને વિદ્યાર્થીઓ સ્ટેશનરી દુકાનમાં ધક્કા ખાઈ રહ્યા છે વળી ફેશનની દોડમાં શાળા કોલેજના વિદ્યાર્થીઓની સ્કૂલબેગ તથા અન્ય સ્ટેશનરી પણ ફેશનેબલ બની ગઈ છે. નર્સરીમાં અભ્યાસ કરતા બાળકોથી માંડીને કોલેજ સ્ટુડન્ટ માટે તેમની લાઈફસ્ટાઈલ અનુરૂપ ફેશનેબલ બેગ્સ, યુનિફોર્મ તથા સ્ટેશનરી પુસ્તકો તેમજ જરૂરિયાતની એજ્યુકેશન એક્સસરીઝ વધારો થતા વાલીઓના શિક્ષણ ખર્ચ બજેટમાં પણ વધારો થયો છે.

આજના આધુનિક જમાનામાં બીજાઓ સાથેની સ્પર્ધામા ક્યાંક આપણું બાળક પાછળ રહી જાય એ બીકે કેટલાક વાલીઓ પોતાના નાનકડા બાળકોને ખભે દફતરનો ભાર મૂકી દે છે. બાળકોના જીવનનું ઘડતર માટે બધા જ વાલીઓને ચિંતા પણ છે. શિક્ષણની સુવિધા વધી તેમ શાળાની ફી ખૂબ ઊંચી હોય ત્યાં બાળકના ઘડતર માટે ફી સુવિધાને આધારે ચૂકવવા પણ પડે છે. આજે શિક્ષણ મોંઘુ થયું છે. હોશિયાર વિદ્યાર્થીઓ ઊંચા ટકાવારીએ પાસ થાય પછી ડિગ્રી કોર્ષમા જવા માટે આર્થિક મુશીબતના કારણે પાછીપાની કરવી પડે છે. જેઓ આર્થિક રીતે સદ્ધર છે તેઓ માટે સહેલું છે પરંતુ નબળા વિદ્યાર્થીઓને ભણવાનું પણ પડતું મૂકવું પડે છે તેવી પરિસ્થિતિ ઉભી થતી હોય છે.

ડિગ્રી છે પણ કોલેજની ઊંચી ફી, હોસ્ટેલનો ખર્ચ અને અભ્યાસને લગતા અન્ય ખર્ચાઓ હોય તો તેને કેવી રીતે પહોંચી વળાય ...? આવા સંજોગોમાં સમાજના સદ્ધર સ્થાનિક આગેવાનો હોશિયાર વિદ્યાર્થીઓને મદદરૂપ થાય તો ટેલેન્ટ વિદ્યાર્થીઓ આગળ વધી સમાજનું નામ રોશન કરી શકે છે. ઘણી એવી સંસ્થાઓ પણ છે જે દર વર્ષે પાઠ્યપુસ્તક, નોટબૂક શૈક્ષણિક એકસસરીઝનું વિતરણ કરીને પણ મદદદરૂપ થતા હોય છે એ ખરેખર પ્રસંનીય છે.

કોઈપણ વ્યક્તિ શિક્ષણને યજ્ઞ સમજીને આટલુ કાર્ય કરે તો પણ ઘણું બધુ થઇ શકે છે. આ પણ એક સામાજીક સેવા છે.સૌના સહકાર થકી શ્રેષ્ઠ કર્તવ્ય નિભાવી સારો સમાજ બનાવી શકાય.

**- ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી**

## સફળતા માટે સમય નહીં, સ્પષ્ટ લક્ષ્ય જરૂરી છે



સફળતા અને અસફળતા વ્યક્તિના જીવનના બે અલગ પાસાઓ છે. અસફળ વ્યક્તિ પાસે ઘણીવાર અનેક કારણો હોય છે—સમયનો અભાવ, જવાબદારીઓનો બોજ, યોગ્ય તક ન મળવી અથવા સંજોગો અનુકૂળ ન હોવા. પરંતુ વાસ્તવમાં સફળતા માટે સૌથી મોટી જરૂર સમયની નથી, લક્ષ્યની છે.


દરેક વ્યક્તિને દિવસના સમાન ૨૪ કલાક મળે છે. પ્રશ્ન એ નથી કે તમારી પાસે કેટલો સમય છે; પ્રશ્ન એ છે કે તમે તે સમયનો ઉપયોગ કેવી રીતે કરો છો. દિવસના અંતે એકવાર પોતાને પૂછો કે આજે કેટલો સમય તમારા સપનાને નજીક લઈ ગયો અને કેટલો સમય વ્યર્થ ગયો.આપણે ઘણીવાર એવા લોકોને જોઈએ છીએ કે જેઓ મર્યાદિત સમય હોવા છતાં અદભુત સફળતા પ્રાપ્ત કરે છે. તેનું કારણ એ છે કે તેમનું લક્ષ્ય સ્પષ્ટ હોય છે. જ્યારે જીવનમાં કોઈ નિશ્ચિત ધ્યેય હોય, ત્યારે સમય અડચણ બનતો નથી. વ્યક્તિનો દરેક વિચાર અને દરેક પ્રયાસ પોતાના લક્ષ્ય તરફ કેન્દ્રિત થઈ જાય છે. સ્પષ્ટ લક્ષ્ય વ્યક્તિને સમયનું મૂલ્ય શીખવે છે. તેને સમજાય છે કે પસાર થતી દરેક ક્ષણ તેના ભવિષ્યનું નિર્માણ કરી રહી છે. તેથી તે સમયને બગાડવાને બદલે તેનો યોગ્ય ઉપયોગ કરવાનો પ્રયત્ન કરે છે. બીજી તરફ, જે જીવનમાં કોઈ ઉદ્દેશ્ય નથી રાખતું, તેના માટે સમય માત્ર વહેતો પ્રવાહ બની રહે છે.

લક્ષ્ય વિનાનું જીવન સામાન્ય દિનચર્યામાં જ પસાર થઈ જાય છે. આઠ કલાક ઊંઘ, આઠ કલાક નોકરી કે અભ્યાસ, થોડા કલાક મોબાઈલ અને મનોરંજનમાં, અને બાકીના સમયમાં રોજિંદી પ્રવૃત્તિઓ. વર્ષો વીતી જાય છે, પરંતુ જીવનમાં કોઈ ખાસ પરિવર્તન જોવા મળતું નથી. કારણ કે સમય પસાર થાય છે, પરંતુ પ્રગતિ થતી નથી. સફળતા માટે કલાકો સુધી કામ કરવું જ જરૂરી નથી. જરૂરી છે એક સ્પષ્ટ લક્ષ્ય, સતત પ્રયત્ન અને દૃઢ નિશ્ચય. જ્યારે મનમાં મક્કમ ધ્યેય હોય, ત્યારે થોડી ક્ષણો પણ અમૂલ્ય બની જાય છે અને વ્યક્તિ તેને પોતાની પ્રગતિ માટે વાપરે છે. આજની યુવા પેઢી માટે સૌથી મોટો પડકાર સમયનો અભાવ નથી, પરંતુ સમયનું યોગ્ય સંચાલન છે. મોબાઈલ, સોશિયલ મીડિયા, રીલ્સ અને મોજમસ્તીમાં કલાકો વીતાવી દેવામાં આવે છે, અને પછી એવું કહેવામાં આવે છે કે સમય જ મળતો નથી. હકીકતમાં સમયની કમી નથી, પરંતુ પ્રાથમિકતાઓની કમી છે.

યાદ રાખો, સફળતા માટે વધુ સમય નહીં, પરંતુ સમયને યોગ્ય દિશા આપતું સ્પષ્ટ લક્ષ્ય જરૂરી છે. સમય તો દરેકને સરખો મળે છે, પરંતુ જે વ્યક્તિ પોતાના દરેક ક્ષણને પોતાના સપનાની નજીક પહોંચાડે છે, સફળતા અંતે તેના જ પગ ચુંબે છે. સમયની અછત ક્યારેય અસફળતાનું કારણ નથી બનતી, પરંતુ લક્ષ્યની અસ્પષ્ટતા જરૂર બને છે.

**– જ્યોતિ ઉત્પલ પંડયા, અતુલ**

## વધતો ભ્રષ્ટાચાર, વ્યથિત યુવા પેઢી...!



હાલના સમયમાં રોજે રોજ એવી ઘટનાઓ બનતી જોવા મળે છે જે એવું માનવા પુરતા કારણો આપે છે કે જાણે ભ્રષ્ટાચાર એક અથવા બીજી રીતે તમામ સ્તરે આચરાઈ રહ્યો છે. જે રીતે સરકારના જુદા જુદા વિભાગોમાં ઉચ્ચ પગાર ધરાવતા સાહેબો લાંચ લેતા પકડાય છે, જે રીતે એક સામાન્ય સ્તરનો કર્મચારી પણ જ્યારે ભ્રષ્ટાચાર કરતાં પકડાય ને તપાસ? થાય તો તેની પાસેથી કરોડો રૂપિયાની બેનંબરી માલ મત્તા અને સંપતિ મળી આવે છે. શૈક્ષણિક ક્ષેત્રે હાલમાં જ બહુ ગાજેલા નીટ અને સીબીએસઈ પરીક્ષા પ્રકરણો એ વાતનો પુરાવો આપે છે જ એ વિશે ઝાઝું લખવા કે કહેવાની જરુર લાગતી નથી. સરકારી ટેન્ડરોમાં થતી મીલીભગત, ગોબાચારી અને ઓવરપરાઈઝીંગ તો જાણે સામાન્ય બાબત છે. મહેસૂલ વિભાગ હોય, પોલીસ તંત્ર હોય, શિક્ષણવિભાગ હોય કે આરોગ્ય વિભાગ, દરેક ક્ષેત્રે આ રોગ વકરી રહ્યો છે. અરે ન્યાયાલયને પણ ભ્રષ્ટાચારે આભડી લીધો હોય ત્યારે શું કહેવું..!

જલ સે નલ યોજનાઓ કાગળ પર પૂર્ણ થાય અને વાસ્તવિકતા પ્રમાણે જળના દર્શન દુર્લભ જેવી ઘટના હવે છાપરે ચડીને પોકારે છે. બંધાયેલા ચેક ડેમ જ્યારે ચેક કરાય ત્યારે ખબર પડે કે એ તો પહેલા વરસાદે જ ધોવાઈ ગયા હોય. રસતાઓ બનાવવામાં હલકું કે ઓછું મટીરીયલ વપરાય ને રસ્તાઓ પહેલા વરસાદે જ ધોવાઈ જાય ને એના પાપે પડેલા ખાડાઓ કેટલાય અકસ્માતો અને અપમૃત્યુ નું કારણ બને. પણ જવાબદાર કોણ..?

દારુબંધી વાળા રાજમાં છડેચોક મળતો દારુ પણ એ જ વાતનો પુરાવો છે કે ક્યાંક કોકની રહેમનજર કે મીલીભગત ચાલતી હોવી જોઈએ. એક તરફ હેલ્મેટ કે સીટ બેલ્ટ માટે સખત જણાતા ને ચલણ ફાડતા તંત્રને રીક્ષાવાળાઓની દાદાગીરી, બેફામ મનમાની, ક્યાં દેખાય છે.? રીક્ષા ચાલકો માટે મીટર, પરમીટ, વીમો કે પીયુસી વિષે? ક્યારેય પુછાય છે ખરું..! એમને લાગુ પડતાં કાયદાના પાલન વિષે શા માટે પગલાં નથી લેવાતા.? શા માટે મીટરથી રીક્ષા ચાલતી દેખાતી નથી.! ઠેરઠેર પકડાતી ભેળસેળ કરતી, નકલી ઘી, પનીર, તેલની ફેકટરીઓ લોકાના સ્વાસ્થ્ય માટે જોખમી છે છતાં એ નકલખોરો થોડા દંડ ચૂકવી કેમ છૂટી જાય છે.? જે ડુપ્લીકેટ ખાદ્ય પદાર્થો કોઈના મૃત્યુને નોતરે છે એવા નકલખોરને ક્યારેય સખત થઈ છે ખરી..? આ બધું જ કાયમી ધોરણે કદાચ એકબીજાને સાચવી લેવાની સાંઠગાંઠ વડે જ શક્ય બનતું હશેને.? અહીં પ્રશ્ન એ વિચારવાનો છે કે યુવા પેઢીને આપણે, આપણો સમાજ અને સરકાર શું આવો ભ્રષ્ટ વારસો? આપવા માંગે છે.? ચરિત્ર નિર્માણની વાત આમાં ક્યાંથી કરી શકાય.? યુવા પેઢી પાસે શિષ્ટાચારની અપેક્ષા કેવી રીતે રાખી શકાશે.? દરેક ક્ષેત્રે કેટલાય પ્રમાણિક કર્મચારીઓ અને અધિકારીઓ પણ કાર્યરત છે, પરંતુ એવા કર્મચારીઓ માટે કામ કપરું બને છે એના દાખલાઓ ચોકકસ પ્રમાણિક અધિકારીઓની બદલીની તવારીખ બોલતી જ હોય છે. આ સંજોગોમાં સ્વસ્થ ભારત, શ્રેષ્ઠ ભારત અને આત્મનિર્ભર ભારત બનાવવાની જવાબદારી જ્યારે આવતી કાલની પેઢી પર છે ત્યારે એ સંભવ હશે ખરું જ્યારે ભ્રષ્ટાચારનો ભોરિંગ તંત્રને ભરડો લઈ ભીંસી રહ્યો છે, ગ્રસી રહ્યો છે.? આ એક હાડોહાડ ગંભીર પ્રશ્ન છે, વિચારવા જેવો અતિ આવશ્યક મુદો છે. કોણ કરશે? શરુઆત.?

સમસ્યા ગંભીર છે જો સમજીએ તો..!

ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!

**- લાયન કિરીટ શાહ. વાપી**

## ડિજિટલ સાધનો બાળપણ પર હાવી



૨૧ મી ટેકનોલોજીની સદીમાં ડિજિટલ સાધનો જેવા કે સ્માર્ટ મોબાઈલ, ટેબલેટ, લેપટોપ વગેરે એ બાળકોના બાળપણ પર કબજો જમાવ્યો હોય એવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે. બાળકો આઉટડોર રમતો જાણે ભૂલી જ ગયા હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે. ખુલ્લા મેદાનમાં રમતા બાળકો કરતા મોબાઈલ પર ગેમ્સ રમતા બાળકોની સંખ્યા કદાચ વધુ હશે ! ઓનલાઈન ગેમ્સની આદત બાળકોને પડી ગઈ હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે જેને પરિણામે બાળકો આભાસી દુનિયામાં જીવતા હોય એવું માલુમ પડે છે. વર્ચ્યુઅલ વિશ્વમાં જીવતા બાળકોને પરિણામે ફેમિલીમાં કોમ્યુનિકેશનનું પ્રમાણ પણ ઘટતું જાય છે. પરિવારમાં રહેતા હોવા છતાં એકલતાની ભાવનાથી બાળકો પીડાઈ રહ્યા છે. વર્તમાન ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા જાણે મનોરંજનનું સાધન બની ગયું છે. બાળકોની વાંચનની ટેવ પણ ઘટતી જાય છે. આજના બાળકો જાણે ડિજિટલ કચરામાં ખોવાઈ ગયો હોય એવું લાગે છે. બાળકો સ્માર્ટ ફોન પર હિંસક સામગ્રી જોવાને પરિણામે માનસિક સમતુલા ગુમાવી રહ્યા છે. જેને પરિણામે બાળકો મેન્ટલી સ્ટ્રેસ અનુભવે છે. હવે બાળકો ફક્ત ઘરની ચાર દીવાલો વચ્ચે જ કેદ નથી થતા પરંતુ સ્માર્ટ ફોનની સ્ક્રીન પર સ્વેચ્છાએ કેદ થતા માલમ પડે છે. બાળકો અને એમના પેરેન્ટ્સને એ સમજાતું નથી કે મોબાઈલની સ્ક્રીનની ચમક પાછળ ઘોર અંધારું છે. ટેકનોલોજીનો જે રીતે અતિરેક થઈ રહ્યો છે તે જોતાં બાળકોનું બાળપણ ખોવાતું માલમ પડે છે.

બાળકોનો ઉછેર સંસ્કાર સાથે અને સર્જનાત્મકતા સાથે થવો જોઈએ તેને બદલે સ્માર્ટ ફોનની સ્ક્રીનને સહારે થઈ રહ્યો છે તે દુઃખદ છે.

બાળકોના બાળપણ પર ડિજિટલ સાધનો હાવી થઈ રહ્યા છે તે સમાજ માટે ચિંતા પ્રેરક બાબત છે. બાળકોના વિકાસમાં ડિજિટલ સાધનો સહાયરૂપ થવાને બદલે મા-બાપ માટે સમસ્યાઓ દિવસે ને દિવસે વધી રહી છે. બાળપણમાં બાળકોના ડેવલપમેન્ટને બદલે વિકાસ રૂંધાતો માલમ પડે છે. જો આપણે ભારતના બાળકોનું બાળપણ બચાવવું હોય તો ડિજિટલ કચરાના ઢગલામાં બાળપણ દટાઈ નહીં જાય તે જોવાની માતા-પિતાની જવાબદારી છે.

**-ડૉ. જે. એમ. નાયક, નવસારી**

## મનની પ્રસન્નતા એજ ઐશ્વર્ય



ધન ઐશ્વર્ય નથી. માલખજાના ઐશ્વર્ય નથી. બહુ બહુ તો સાધન છે. સગવડો આપે, સુખ ના આ આપે. બાહ્ય વૈભવ આપે. આંતરિક દરિદ્રતા પણ આપે. તો પછી ઐશ્વર્ય કોને કહીએ? બધું જ હોય પણ શરીર નિરામય ના હોય તો આ બધાનો ખપ શો? માણસ પાસે તંદુરસ્ત શરીર એ સૌથી મોટી વસ્તુ છે. પહેલું સુખ તે જાતે નર્યા એ કહેવત એમને એમ નથી આવી. શરીર અને મનનો ગુઢ અને ગાઢ સંબંધ છે. મનની અસર શરીર પર ને શરીરની અસર મન પર થયા જ કરતી હોય છે. શરીર એ મનની ભાષા છે. મનનાં વિચારનાં આરોહ- અવરોહ અવાજ પરથી પણ ઓળખાય છે. મનની સ્વસ્થતા અને પ્રસન્નતાને ઐશ્વર્ય કહી શકાય. આચાર વિના કેવળ વિચારોથી ભરેલું મન વખાર છે. અગાસી નહીં. અગાસી તો માણસને આકાશનાં સંપર્કમાં મૂકે. આકાશનાં સંપર્કમાં આવવું હોય તો ધીરે ધીરે વિચારમાંથી વિચારશૂન્ય થવું જોઈએ. વિચારશૂન્ય એટલે વિચારહીન નહીં પણ નિર્વિચાર. આ તો કોઈક સંતને સાધે એવી અવસ્થા છે. સાચો આનંદ હોય છે તે છલકાતો નથી. જે છલકાય છે તે ખાલી પણ હોય છે. બાલકૃષ્ણ દવેની એક પંક્તિ છે સમંદર સભર સભર લહેરાય,. સમુદ્રમાંથી કશુંક લો તો પણ સમુદ્ર ખાલી થતો નથી અને કશુક ઉમેરો તો પણ સમુદ્ર છકી જતો નથી. સંગીત સાથે જીવવું, પુસ્તક સાથે જીવવું, સાચા મિત્રો સાથે જીવવું પોતા સાથે જીવવું -માત્ર જીવવું એ જ ઐશ્વર્ય. બાકી બધું નકામું. ભરેલું ખિસ્સુ તમને હજાર રીતે ગેરમાર્ગે લઈ જાય છે, પણ ખાલી ખિસ્સુ તમને જિંદગીની હજાર વસ્તુ સમજાવશે. નસીબથી મળેલી સંપત્તિનો આનંદ સાત પેઢી ભોગવે છે અને કોઈ પાસેથી પડાવેલી સંપત્તિનું દુઃખ પણ સાત પેઢી ભોગવે છે. સ્માઈલ કર્યા વગરનો સેલ્ફી પણ સાહેબ, બગડી જાય છે આ તો જિંદગી છે. છલકાયા વિના સભર રહેવું એ ઐશ્વર્યને જાળવવાનો રસ્તો છે.

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## જનતાએ જાગૃત થવું જ પડશે



વિચાર આવે કે, આપણે અંગ્રેજોની ગુલામીમાંથી તો આઝાદ થઇ ગયા, પણ આજે પણગુલામીની માનસિકતામાંથી બહાર નીકળી નથી શકતા. કોઈ પણ દેશની પ્રગતિનો આધાર ત્યાંની શિક્ષણવ્યવસ્થા અને જીવન સ્તર પરથીમાપી શકાય છે. વિશ્વની પાંચમીમોટી અર્થવ્યવસ્થા બનવા કરતાં આજે હકીકત પર નજર કરવી અનિવાર્ય છે.

દરેક ભારતીયને પોતાના દેશપરગર્વ છે, પણ ભ્રષ્ટાચારીઓના કારણે દેશ અધોગતિ તરફહરણફાળ ભરીરહ્યો છે. અમીર વધારે અમીર અને ગરીબ વધારે ગરીબ થતો જાય છે એના પરદરેકનું ધ્યાન છે. પણ બિચારો મધ્યમ વર્ગ સૂડી વચ્ચેસોપારીની જેમ પિસાઈરહ્યો છે એને કોઈ જોવા કે સાંભળવા તૈયાર નથી. મોંઘવારીએ માઝા મૂકી દીધી છે. લાખો રૂપિયા ફીસ ભરીનેભણાવેલા બાળકો જ્યારે NEET, UPSC અને અન્ય સરકારી પરીક્ષાઓ આપવા પહોંચે ત્યાંકરોડપતિ ને લખપતિઓ પેપરલીક કરાવી કરોડો વિધાર્થીઓ સાથે એના પરિવારની વર્ષોની મહેનત પરપાણી ફેરવી નાખે છે. લાખો - કરોડોના કૌભાંડ ઓછા પડતા હતા કે, હવે તેજસ્વી વિધાર્થીઓના ભવિષ્યની બલી ચડવામાં આવી રહી છે. આજે કોઈ પણસરકારી વિભાગ સ્વતંત્ર રીતે સારીસુવિધા પૂરી પાડવામાં સક્ષમ નથી. એને મજબૂત કરવાને બદલે પ્રાઈવેટ કંપનીઓને હવાલો આપી જનતાને ઉઘાડી લૂંટચલાવી એનું લોહી ચૂસવામાં કોઈ કસર બાકી નથી રહી. દરરોજ કરોડો રૂપિયાનો ટોલ ટેક્સ વસૂલ કરતા પરિવહનમંત્રીની નજર નીચે અબજોને કરોડો રૂપિયાના ખર્ચે બનેલા પુલ, રસ્તા, પાણીની ટાંકીધરાશાયી થઈ જાય છે અને માસુમલોકોના જીવનો ભોગ લેવાય છે.

આપણે ત્યાં GST ટેક્સ લાગુથતાં ગરીબથી ગરીબમાણસપણદરેકવસ્તુમાં સીધોટેક્સ ભરે છે,પણ એના બદલામાં પીવાનું ચોખ્ખું પાણી, રહેવા માટેઘર, બાળકોના શિક્ષણ માટેસારીશાળાઓ અને મફતમાંસારવારલઈશકે એવા સારાદવાખાના કાગળ પર જ મળે છે.... હકીકતમાં નહિ.

સરકારી યોજનાઓનો લાભ ખરેખર જરૂરિયાતમંદ કરતાં લાગતા વળગતાને વહેંચી દેવાની પરંપરા ભારતમાં વર્ષોથી ચાલી રહી છે.જે લોકો ન્યાય માટે અવાજ ઉઠાવે એને જ દોષી બનાવી એને જેલમાં દુઃખી કરવામાં આવે છે. સાચુંબોલવા વાળા પર જીવનું જોખમ કાયમ લટકતી તલવારબની રહે છે.આજના સમયમાં નેતાઓ પોતાના પરિવારને ફાયદો કરાવવા જનતાને રાતદિવસલૂંટી રહીછે અને જનતા મૂંગેમોઢે અત્યાચાર સહન કરી રહી છે.

જો આમને આમ ચાલતું રહેશે તોદેશમાં અરાજકતા ફેલાઈ જશે. યુવાધન અવળે માર્ગે ચડીને ડ્રગ્સ અને દારૂનારવાળે ચડીને પરિવારને બરબાદ કરશે જેનું પરિણામ અંતે ભયંકરહશે. શિક્ષિત લોકોને ન્યાય મળે તો જ દેશ પ્રગતિના પંથે આગળ વધી શકે, બાકી પડોશી દેશમાં જે પ્રકારે ભૂખમરો, ગરીબીનેભ્રષ્ટાચારે ભરડોલીધો છે એમાં ભારત પણ સપડાઈ જશે. માટે અંગત જાતિભેદ, ભાષાભેદ અને પ્રદેશવાદ ભૂલી સાચાભારતીયબની જાગૃત થઈદેશનુંપતન થતાં અટકાવવા સાથે મળીને અવાજ ઉઠાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. દેશનું ભવિષ્ય આપણી સૌનીસહિયારી જવાબદારી છે અને આપણે તેને નૈતિકતાના ધોરણે બજાવવી જોઈએ.

**- નીતા પી.જાદવ (રાજકોટ)**

## ભૂતકાળથી વર્તમાન સુધી માટલાનું મહત્વ યથાવત

એક સમય એવો હતો જ્યારે ઉનાળાની ઋતુ શરૂ થતાં જ દરેક ઘરમાં માટીના માટલાનું સ્થાન વિશેષ રહેતું હતું. ગામડાઓમાં લોકો પોતાના ઘરની બહાર માટલા ભરેલું પાણી રાખતા હતા જેથી રસ્તેથી પસાર થતો કોઈપણ વ્યક્તિ તરસ બુઝાવી શકે. તે સમયના લોકો ફ્રીઝ વગર પણ માટલાના ઠંડા અને શુદ્ધ પાણીથી ઉનાળાની ગરમીમાં રાહત મેળવતા હતા.

માટલાનું પાણી માત્ર ઠંડક આપતું નહોતું પરંતુ આરોગ્ય માટે પણ લાભદાયી માનવામાં આવતું હતું. માટીના કુદરતી ગુણધર્મોને કારણે પાણી સ્વાભાવિક રીતે ઠંડું રહેતું હતું. વડીલો માનતા હતા કે માટલાનું પાણી શરીરના તાપમાનને સંતુલિત રાખે છે અને પાચનક્રિયા સુધારવામાં મદદરૂપ બને છે. પરંતુ આધુનિક સમયમાં ફ્રીઝ અને ઠંડા પીણાંના વધતા ઉપયોગને કારણે માટલાની પરંપરા ધીમે ધીમે ઓછી થતી ગઈ છે. શહેરોમાં હવે મોટાભાગના લોકો ફ્રીઝનું પાણી પીવાનું પસંદ કરે છે. છતાં આજે પણ ગામડાઓમાં અનેક ઘરોમાં માટલાનું પાણી જોવા મળે છે, જે આપણા સંસ્કાર અને પરંપરાનું -તિક છે.તબીબો પણ માને છે કે ખૂબ ઠંડું ફ્રીઝનું પાણી શરીર માટે હાનિકારક બની શકે છે, જ્યારે માટલાનું પાણી કુદરતી ઠંડક સાથે આરોગ્યને



ફાયદો પહોંચાડે છે. તેથી આજના સમયમાં ફરી લોકો માટલાના ઉપયોગ તરફ વળી રહ્યા છે.

માટલું માત્ર પાણી રાખવાનું સાધન નથી, પરંતુ તે ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને કુદરતી જીવનશૈલીનું પ્રતિક છે. ભૂતકાળમાં જે પરંપરા આરોગ્ય અને માનવતાથી જોડાયેલી હતી, તે આજના સમયમાં પણ એટલી જ ઉપયોગી અને મહત્વપૂર્ણ બની રહી છે.

**-જગદીશ બોંગે**

કોઈ પણ જાતની જાહેરાત કે સૂચના બોર્ડ લગાવ્યા વિના

## વાપી બલીઠા સબવે રાત્રે બંધ કરી દેવાતા ચાલકોમાં રોષ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૧૭ :** વાપીમાં રેલવે લાઈનની પૂર્વ અને પશ્ચિમમાં નાના મોટા ખાનગી વાહનોની અવર જવર માટે થોડા મહિના પહેલાં ખુલ્લા મૂકવામાં આવેલા બલીઠા દબાવીને છેલ્લા બે દિવસથી રાત્રે કોઈ પણ જાતની આગોતરી જાહેરાત કર્યા વિના બંધ કરી દેવામાં આવતો હોય સેંકડો વાહન ચાલકોને લાંબો ચકરાવો ખાવાની નોબતને લઈ રોષ ફેલાયો છે. વાપીમાં રેલ્વે લાઈનની પૂર્વ અને પશ્ચિમમાં વાહન ચાલકોને અવર જવર માટે દક્ષિણમાં જે ટાઈપ મોટું ગરનાળું, નાના વાહન ચાલકો માટે રેલ્વેનું પાણી નિકાલ માટેનું વર્ષો જુનું નાનું નાળું તથાં થોડાં મહિના પહેલાં ખુલ્લું મૂકવામાં આવેલ બલીઠા સબવે આશીર્વાદ રૂપ છે. વાપી પશ્ચિમ વિસ્તારના લોકોને વલસાડ હાઈવે તરફ જવા કે વલસાડ તરફથી વાપીમાં આવવા બલીઠા સબવે એકદમ સરળ વિકલ્પ બન્યો છે. અગાઉ ૧૫-૨૦ દિવસ પહેલાં આ બલીઠા સબવેમાં વરસાદી પાણીના નિકાલની કામગીરી માટે કેટલાક દિવસો સુધી રાત્રિ દરમિયાન વાહન ચાલકો માટે બંધ રાખવામાં આવ્યો હતો. જેની પહેલાથી મનપા તંત્રએ જાહેરાત કરી હતી જેને લઈ વાહન ચાલકો રાત્રે અન્ય વિકલ્પ પસંદ કરતા હતાં.

જોકે હાલ છેલ્લે ૨ દિવસથી આ સબવે કોઈ પણ જાતની આગોતરી જાણ કે સૂચના બોર્ડ લગાવ્યા વિના રાત્રે ૧૨ વાગ્યાથી વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવતો હોય નાઈટ શિફ્ટ કરતા સેંકડો કામદારો અને અન્ય વાહન ચાલકો અટવાઈ રહ્યાં છે. આવા લોકોને છેક જે ટાઈપ નાળા સુધી લંબાવું પડી રહ્યું છે. મનપા તંત્ર દ્વારા આ મામલે જાહેર જનતાને સ્પષ્ટતા કરવાની જરૂર છે જેથી લોકો હેરાન ન થાય.

ભાજપના ચાર સભ્યોએ ચીફ ઓફિસરને ફરિયાદ કરી

## વલસાડના કાશ્મિરનગર વિસ્તારમાં ડ્રેનેજ મુદ્દે ઉપવાસની ચીમકી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૭ :** વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૨માં ડ્રેનેજ લાઈન મામલે પાલિકાના ભાજપનાં ચાર સભ્યોએ વલસાડ ચીફ ઓફિસરને રાવ કરી ટૂંકી મુદતમાં ઉકેલ નહીં આવે તો પાલિકાના ગેટ પર આમરણાંત ઉપવાસ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે.

વલસાડ નગરપાલિકાના સભ્ય ઉર્વશી પટેલ, ગૌરીબેન રાણા, અમિતભાઈ પટેલ સહિતના ચાર સભ્યોએ આજરોજ વલસાડ નગરપાલિકા ચીફ ઓફિસર પાલિકા પ્રમુખ અને કારોબારી ચેરમેનને લેખિતમાં રજૂઆત કરી કે વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.૨ માં આવેલ કાશ્મીર નગર, બરુડીયાવાડ, હરિજનવાસ, વાડી ફળિયા, ભૂત ફળિયા, કાન ફળિયુ, વશી ફળિયુ અને રામા-ગોવિંદમ એપાર્ટમેન્ટ સહિતના નીચાણવાળા અને પૂરગ્રસ્ત વિસ્તારોમાં ડ્રેનેજ લાઈનની ગંભીર સમસ્યાને લઈને સ્થાનિક રહીશોમાં, ચૂંટાયેલા સભ્યો તથા નગરપાલિકાના તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે ચીફ ઓફિસર, પ્રમુખ અને કારોબારી ચેરમેનને લેખિત રજૂઆત કરી ટૂંકી મુદતમાં ઉકેલ નહીં આવે તો પાલિકાના ગેટ પર આમરણાંત ઉપવાસ પર ઉતરવાની ચીમકી આપી આપી છે. ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારોમાં દર ચોમાસામાં ઘરોમાં ૮થી ૧૦ ફૂટ જેટલા પાણી ભરાઈ જાય છે અને વર્ષમાં બે-ત્રણ વખત મોટા પાયે નુકસાન વેઠવું પડે છે.

વલસાડ પારડી વિસ્તારમાં સેન્ટ્રલ પાર્ક (મિલેનિયમ બિલ્ડિંગ) નામની ૧૦-૧૨ માળના પ્રોજેક્ટના બિલ્ડર દ્વારા પાલિકાની જગ્યા પર કથિત કબજો કર્યો છે. પરમિશન લીધા વગર બિલ્ડિંગનું મળ-મૂત્રવાળું ગંદુ પાણી અંડરગ્રાઉન્ડ પાઈપ લાઈન મારફતે મુખ્ય રસ્તા પરથી ખુલ્લામાં ઔરંગા નદીમાં છોડી રહ્યો છે. આશરે ૧૦૦૦ લોકોના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું થશે.

## નાનાપોંઢા તા.પં.ની પ્રથમ સામાન્ય સભા યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**કપરાડા, તા.૧૭ :** નાનાપોંઢા તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભા પ્રમુખ મનીષાબેન પટેલ અને તાલુકા વિકાસ અધિકારી પ્રીતેશભાઈ બારિયાની ઉપસ્થિતિ વચ્ચે મહિલા સંચાલિત દૂધ ડેરીના એ.સી. હોલમાં યોજાઈ હતી. જેમાં પ્રમુખ મનીષાબેન પટેલે આવનારા સમયમાં ટીમ નાનાપોંઢા તાલુકાના સર્વાંગી વિકાસ માટે એકજૂથ થઈ કામ કરશે. વિકાસના અનેક પ્રકલ્પો થકી તાલુકો વિકાસમાં અગ્રેસર રહશે.સભામાં કારોબારી ચેરમેન તરીકે મીનાબેન સુભાષભાઈ ભોયા અને સામાજિક ન્યાય સમિતિ ચેરમેન તરીકે કલ્પનાબેન ચંપકભાઈ ભીસરાની નિયુક્તિ કરાઈ હતી. ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ તાલુકાને સરકારે વિકાસશીલ તાલુકામાં આવરી લીધો હોય વિશેષ ગ્રાન્ટ ઉપલબ્ધ થશે. જેથી તાલુકો આવનારા સમયમાં વિકાસનું નવું હબ બનશે.

## ડાંગના ધવલીદોડમાં સરકારી શૌચાલય તોડવા મુદ્દે ભાઈએ પિતરાઈનું માથું ફોડ્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૧૭ :** ડાંગનાં ધવલીદોડ ગામમાં સરકારી શૌચાલય તોડવા મુદ્દે પિતરાઈ ભાઈઓ વચ્ચે મારામારીની ઘટના સામે આવી છે.

ધવલીદોડ ગામના નીચલા ફળીયામાં રહેતા નિલેશભાઈ રામચંદ્રભાઈ ગાયકવાડ (ઉંમર વર્ષ ૪૨) ના ઘરની આગળના સરકારી સામુહિક શૌચાલય બનાવવામાં આવ્યું હતું. ગત રવિવારે સવારે નિલેશભાઈના સગા કાકા મોતિલાલભાઈ શ્રાવણભાઈ ગાયકવાડ કોઈને પણ પૂછ્યા વગર આ સરકારી શૌચાલય તોડવા લાગ્યા હતા. આ જોઈને નિલેશભાઈએ તેમના પિતા રામચંદ્રભાઈને કાકાને સમજાવવા માટે કહ્યું હતું. જ્યારે રામચંદ્રભાઈએ પોતાના ભાઈ મોતિલાલભાઈ પાસે જઈને બાથરૂમ કેમ તોડો છો ? તેમ પૂછતાં જ મોતિલાલભાઈ એકદમ ઉશ્કેરાઈ ઝઘડો કરી લાકડાનો એક મોટો ફાડચો રામચંદ્રભાઈના માથામાં મારી દેતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. કાકાના ત્રણ દીકરાઓ કૈલેશભાઈ, ગણેશભાઈ અને માહદુભાઈ ત્યાં દોડી આવી માર મારવા લાગ્યા હતા. મોતિલાલભાઈએ ભત્રીજા નિલેશભાઈના માથામાં ફટકો મારતા લોહી લુહાણ થઈ ગયો હતો. પરિવારના સભ્યો અને લોકો દોડી આવતા પિતા-પુત્રને બચાવ્યા હતા. હુમલો કરનાર કાકા અને તેમના ત્રણેય દીકરાઓ મારી નાંખવાની ધમકી આપી ભાગી ગયા હતાં. રામચંદ્રભાઈ તથા તેના પુત્ર તાત્કાલિક ૧૦૮માં આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.ત્યારે આહવા પોલીસે મોતિલાલભાઈ શ્રાવણભાઈ ગાયકવાડ, કૈલેશભાઈ મોતિલાલભાઈ ગાયકવાડ, ગણેશભાઈ મોતિલાલભાઈ ગાયકવાડ અને માહદુભાઈ મોતિલાલભાઈ ગાયકવાડ વિરૂદ્ધ ફરિયાદ નોંધી આગળની તજવીજ હાથ ધરી છે.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


## વલસાડ સિવિલમાંથી બાઈક ચોરીનો આરોપી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૭ :** અઠવાડિયા અગાઉ વલસાડના સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં પાક કરેલી બાઈકની ચોરી થતાં વલસાડ સીટી પોલીસની ટીમે બાસ્મેદારની બાતમી આધારે સિવિલ હોસ્પિટલ નજીકથી બીલીમોરાના ચોરને ઝડપી પાડ્યો હતો.

વલસાડના સિવિલ હોસ્પિટલ પર રોહિતભાઈ સંજયભાઈ વાઘમારે તા.૧૨/૦ ૬-૨૦૨૬ના રોજ પોતાની હોન્ડા શાઈન બાઈક GJ/15/BP/0569ને ગયો હતો. અને સિવિલ હોસ્પિટલમાં પાર્કિંગ કરી હતી. જે દરમિયાન કોઈ ચોર ઈસમ બાઈક ચોરી ગયો હતો. જે અંગે વલસાડ સીટી પોલીસમાં મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વલસાડ સિટી પોલીસે ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી આરોપી હૈદરઅલી ઉર્ફે આઝાદ ખાન બરગતી ખાન રહે. બિલીમોરા જીઆઈડીસીને માસ્ટર કી સાથે સિવિલ હોસ્પિટલ નજીકથી ઝડપી પાડી જેલમાં ધકી લીધો હતો. આ બાઈક ચોર માસ્ટર કીની મદદથી તે અન્ય વાહનોના લોક પણ ખોલી શકતો હોવાથી પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

## વલસાડ રૂરલ પોલીસ મથકનો વોન્ટેડ આરોપી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૭ :** વલસાડ પોલીસ મથકમાં દારૂના ગુનામાં છેલ્લા એક વર્ષથી ભાગતો આરોપીને વલસાડ એલસીબી ટીમ એ સુરત થી ઝડપી પાડ્યો છે.

વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાની સુચનાથી વલસાડ જિલ્લામાં નાસતા ભાગતા વોન્ટેડ આરોપીઓને પકડવા માટે સૂચના આપી હતી. જેથી વલસાડ એલસીબી પીઆઈ એ.યુ.રોઝના માર્ગદર્શન હેઠળ વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન બાદમે મળી કે વલસાડ રૂરલ પોલીસ મથકમાં દારૂના ગુના નો છેલ્લા એક વર્ષથી વોન્ટેડ આરોપી સુરતમાં હોવાની જાણ થતા એલસીબીની ટીમે સુરત શહેરમાં વોચ ગોઠવી આરોપી સંદિપસીંગ (ઉમાશંકરસીંગ ઠાકુર ઉં. વ. ૪૦) સરનામું રૂમ નં-૩૦૪, નવાગામ આંબેડકરનગર, ડિંડોલી, સુરતની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલો આરોપી વલસાડ રૂરલ પોલીસ મથક, પારડી પોલીસ મથકમાં દારૂના ગુનામાં વોન્ટેડ હતો. પોલીસે આરોપી સંદીપ સિંગ ઠાકુરને વલસાડ રૂરલ પોલીસને સોંપવામાં આવ્યો છે.

## સાપુતારાથી સાયબર ક્રાઈમનો આરોપી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૧૭ :** ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવ તેમજ આહવા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કૈલાશ ડિમરી દ્વારા નાસતા-ફરતા, વોન્ટેડ આરોપીઓ અને અનડીટેક્ટ (ન ઉકેલાયેલા) ગુનાઓ શોધી કાઢવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ આદેશોને પગલે સાપુતારા પોલીસ સ્ટેશને એક મોટી સફળતા મેળવી છે. છેલ્લા એક મહિનાથી વણઉકેલાયેલા સાયબર ક્રાઈમના એક ગુનાનો ભેદ ઉકેલીને સાપુતારા પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ, ભોગ બનનાર વ્યક્તિના ફોટા ઈન્સ્ટાગ્રામ પર વાયરલ કરીને સાયબર ગુનો આચરવામાં આવ્યો હતો. આ અંગે સાપુતારા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૭૮(૧)(ii) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ ૨૦૦૦ની કલમ-૬૬(સી) અને ૬૭ મુજબ ગુનો નોંધાયો હતો. સાપુતારા પોલીસ મથકનાં પીઆઈ કે.બી. સાંખલાની ટીમે હ્યુમન સોર્સ તેમજ ટેકનિકલ સોર્સની મદદથી ઝીણવટભરી તપાસ હાથ ધરીને આ ગુનામાં સંડોવાયેલા આરોપી વિજયભાઈ મુકુંદભાઈ પવાર (ઉંમર વર્ષ ૨૬, રહે. પીપલપાડા (ગલકુંડ), તા. આહવા, જી. ડાંગ)ને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વલસાડમાં દારૂ કેસનો વોન્ટેડ આરોપી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૭ :** વલસાડ જિલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમને દારૂના ગુનામાં લાંબા સમયથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને બાતમીના આધારે ઝડપી પાડ્યો છે.

વલસાડ જિલ્લા એલસીબી ની ટીમ અને પેરોલ ફલોકોર્ડની ટીમને દારૂના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે વલસાડ જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાએ એ સૂચના આપી હતી વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન બાતમી મળતા પોલીસની ટીમે વલસાડ સીટી પોલીસ પોલીસ મથકમાં દારૂના ગુનામાં વોન્ટેડ આરોપી શાહરૂખ અલ્લારખા શેખ ઉં.વ. ૩૩, રહે. અબ્રામા રોડ, નવરંગ ફળીયા, રેલ્વે યાર્ડ, વલસાડ ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલો આરોપી શાહરૂખ શેખ વિરુદ્ધ પારડી પોલીસ સ્ટેશન વડોદરા શહેર અંકલેશ્વર સીટી વલસાડ રેલવે પોલીસ સ્ટેશન સહિત અન્ય દારૂના બે અલગ અલગ ગુનાઓમાં સંડાવાયેલો છે.

## વાપીમાં કાલે ડો. રમેશ અને સમીર કાપડિયાનો સેમિનાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૭ :** વાપીના કનુભાઈ દેસાઈ વીઆઈએ ઓડિટોરિયમ હોલમાં શુક્રવારે સવારે ૯:૩૦ કલાકે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં કાર્ડિયોલોજિસ્ટ ડો. રમેશ કાપડિયા અને સમીર કાપડિયા દ્વારા સેમિનારનું આયોજન કરાયું છે. જેમાં આરોગ્યને લગતા રોગો વિશે માહિતી આપવામાં આવશે. વાપી જીઆઈડીસીના કનુભાઈ દેસાઈ વીઆઈએ ઓડિટોરિયમ ખાતે પ્રખ્યાત કાર્ડિયોલોજિસ્ટ - ડૉ. રમેશ કાપડિયા અને ડૉ. સમીર કાપડિયા દ્વારા કોરોનરી રોગોના પ્રાથમિક નિવારણ અને ભારતીય વસ્તી માટે તેનું મહત્વ વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારનું આયોજન ગુજરાત ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા અને ગુજરાત સરકારના કેબિનેટ નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

## વાપી સિટી સર્વે કચેરીનું બલીઠા હાઈવે ઉપર કાયમી સ્થળાંતર

**વાપી અને તેમાં ભળેલા ૧૧ ગ્રામ્ય વિસ્તારના બિનખેતી સંબંધિત પ્રોપર્ટી કાર્ડ, એન્ટ્રી સહિતના કામો માટે હવે હજારો જમીન મિલકત ધારકોએ મામલતદાર કચેરી સુધી લંબાવું પડશે**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૧૭ :** વાપી શહેર તેમજ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ૧૧ ગ્રામ્ય વિસ્તારોના જમીન અને મિલકત ધારકો માટે મહત્વના ગણાતા સિટી સર્વે કચેરીના કામકાજનું હવે બલીઠા હાઈવે સ્થિત મામલતદાર કચેરી સંકુલમાં કાયમી સ્થળાંતર કરવામાં આવ્યું છે. અગાઉ શહેરના મધ્યભાગમાં આવેલી કચેરીમાં સરળતાથી પહોંચી શકતા અરજદારોને હવે વિવિધ કામો માટે બલીઠા સુધી જવું પડશે.


સિટી સર્વે કચેરીમાં પ્રોપર્ટી કાર્ડ મેળવવા, નામ દાખલ કરવાની એન્ટ્રી, હકપત્રક સંબંધિત કાર્યવાહી, જમીનના રેકોર્ડમાં સુધારા તેમજ અન્ય બિનખેતી સંબંધિત કામગીરી માટે રોજબરોજ મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. કચેરી સ્થળાંતર બાદ શહેરના છેવાડાના વિસ્તારોમાંથી આવતા નાગરિકોને વધુ સમય અને ખર્ચનો સામનો કરવો પડશે.


ખાસ કરીને વાપીમાં ભળેલા ગ્રામ્ય વિસ્તારોના રહેવાસીઓ, વકીલો, દસ્તાવેજ લેખકો અને જમીન વ્યવસાય સાથે સંકળાયેલા લોકો માટે નવી વ્યવસ્થાને કારણે શરૂઆતમાં કેટલીક મુશ્કેલીઓ ઉભી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે સરકારી તંત્રના જણાવ્યા મુજબ તમામ કામગીરી હવે બલીઠા હાઈવે સ્થિત મામલતદાર કચેરી સંકુલમાંથી નિયમિત રીતે કરવામાં આવશે. જોકે જૂની કચેરી પર સ્થળાંતર અંગે કોઈ સૂચના બોર્ડ ન મરતા અરજદારો મૂંઝવણમાં મુકાઈ રહ્યાં છે.

સ્થાનિક નાગરિકો દ્વારા કચેરી ખાતે માર્ગદર્શન અને સુવિધાઓ વધારવાની માંગ પણ ઉઠી રહી છે, જેથી અરજદારોને અનાવશ્યક હેરાનગતિનો સામનો ન કરવો પડે. ઉલ્લેખનીય છે કે થોડા વર્ષો પહેલાં પણ આ કચેરી બલીઠા હાઈવે ઉપર ખસેડવાની કવાયત ચાલી હતી જોકે વાપીના કેટલાક અગ્રણી જાગૃત નાગરિકોની ઉચ્ચ અધિકારીઓને રજૂઆત બાદ કચેરીનું સ્થળાંતર મુલત્વી રાખ્યું હતું.

## ઉદવાડા હાઈવે બ્રિજ પરથી બે વિદેશી વિદ્યાર્થીનીઓ દારૂના જથ્થા સાથે ઝડપાઈ

**રૂા.૧૫ લાખની કારમાં રૂા.૧.૭૯ લાખનો દારૂ-બિયરનો જથ્થો દમણથી વડોદરા લઈ જતાં ઝડપાઈ**










(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૭ :** દમણથી વડોદરા લઈ જવાતો રૂા. ૧.૭૯ લાખના દારૂ-બિયરની જથ્થા સાથ પારુલ યુનિવર્સિટીના બે વિદેશી વિદ્યાર્થીનીઓને એલસીબી પોલીસે ઉદવાડા હાઈવે બ્રિજ પાસેથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરાઈ છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે વલસાડ જિલ્લા પોલીસ વિભાગની ટીમ પારડી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન ખાસ બાતમીના આધારે ઉદવાડા રેલવે ઓવરબ્રિજ પાસેથી એક હયુન્ડાઈ અલકાજર કાર નંબર જીજે-૦૫-જેડબ્યુ-૧૧૯૭ને રોકી તેમાં તપાસ કરતા ૮૦૨ દારૂ-બિયરની બોટલ મળી આવી હતી. જેની કિંમત રૂા. ૧.૭૯ તેમજ કારમાં સવાર વિક્ટર ઉર્ફે તફાળા લવમોર મયબ્બો અને માઈલેશ રોય ડલામ મીની બંને રહે. કિંગડમ ઓફ ઈ ઈસ્તવીટી બંને વડોદરાની નામાંકિત એવી પારુલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે આ બંને પાસે દારૂ-બિયર રાખવાની કોઈ પરમિશન ન હતી અને તેમની પાસેથી બે મોબાઈલ ફોન મળી આવતા તે પણ જપ્ત કરી પારડી પોલીસ મથકમાં બંને વિરુદ્ધ દાખલ કરાયો છે અને પોલીસે ૧૫ લાખ રૂપિયાની કાર રૂા. ૪૦,૦૦૦ ના બે મોબાઈલ ફોન તેમજ રૂા. ૧.૭૯ લાખનો દારૂ-બિયરનો જથ્થો કબજે કરી આ બંને વિદ્યાર્થીઓને દમણથી વડોદરા દારૂ-બિયરનો જથ્થો લઈ જવા માટે રોકનાર કે દમણથી ભરાવનાર વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરાઈ છે.

## પારડીમાં મોહરમ-તાજીયા પર્વને લઈ શાંતિ સમિતિની બેઠક મળી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા. ૧૭ :** પારડી નગરપાલિકાના સભાખંડમાં આગામી દિવસોમાં આવી રહેલા મુસ્લિમ સમાજના મહોરમ તાજીયા પર્વની ઉજવણીના ભાગરૂપે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જેમાં હિન્દુ મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને શાંતિમય રીતે પવિત્ર મહોરમ ભરવા ઉજવણી કરવા વિવિધ ચર્ચાઓ થઈ હતી.

પારડી પોલીસ મથકના પી.આઈ ગોહિલના અધ્યક્ષ સ્થાને પારડી નગરપાલિકાના પ્રમુખ ચેતન નાયકા અને ભાજપ કોંગ્રેસના સભ્યોની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની સભા શરૂ કરવામાં આવી હતી. આ સભાને સંબોધન કરતા પારડીના પીઆઈ ગોહિલ કે જેમણે તમામ મુસ્લિમ સમાજના ભાઈ બહેનોને મહોરમ યોજાય એ માટે ચોક્કસ તકેદારી રાખવા સૂચનો કર્યા હતાં. જેમાં ખાસ કરીને ધાર્મિક ટીકા ટિપ્પણી ના થાય અને સોશિયલ મીડિયામાં ધાર્મિક ટીકા ન થાય એ માટેની તકેદારી રાખવા અને જો કોઈ આવી બાબત ઊભી થાય તો તાત્કાલિક જાણ કરવા જણાવ્યું હતું અને ધાર્મિક કાર્યક્રમ દરમિયાન કરવામાં આવેલા કોઈપણ કૃત્ય સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## થાલાથી ૨.૫૯ લાખનો દારૂ ભરેલી કાર ઝડપાઈ

**ચીખલી, તા.૧૭ :** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ થાલા ગામની હદમાં રાત્રિના સમયે ચીખલી પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે એક વેગેનાર ગાડી નંબર જીજે ૧૫ સીજે ૩૧૬૬ માં દારૂનો જથ્થો ભરી સુરત તરફ જનાર હોય જે બાતમીના આધારે વોચ રાખતા ઉપરોક્ત નંબર વાળી વેગેનાર કાર નજરે પડતા જેને રોકી ગાડીની તલાસી લેતા ગાડીમાંથી વોડકાની નાની મોટી બાટલી નંગ ૮૬૪ કિંમત રૂપિયા ૨.૫૯.૨૦૦ નો મુદ્દા માલ મળી આવ્યો હતો. જ્યારે ચાલક પાસેથી એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦૦ તેમજ રૂપિયા ૩ લાખની કાર મળી કુલ રૂપિયા ૫.૬૪.૨૦૦નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ ચાલક દર્શક ભરત રમેશ જોષી રહે. પ્લોટ નંબર ૧૦૧ ગોકુળ નગર પ્રગતિનગરની સામે ભાવનગર જેને પૂછપરછ કરતા દારૂનો જથ્થો લાલજી ઉર્ફે લાલુ રહે વાપી જેના પુરા નામની ખબર નથી જેણે ભરાવી આપ્યો હતો અને સફી રહે. કતારગામ સુરત જેને પહોંચાડવાનો હોવાનું બહાર આવ્યું છે જોકે ગાડીમાંથી વેગેનાર ગાડી નો ઓરીજનલ નં. ડીડી ૦૩ કે ૩૮૯૭ નંબરની નંબર પ્લેટ મળી આવી હતી બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

# અન્ય સમાચારો

Thursday 18, June 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 18, June 2026

## રામ નામ કી લૂટ?

અયોધ્યામાં ભવ્ય શ્રીરામ મંદિરમાં શ્રદ્ધાળુઓ અને દર્શનાર્થીઓ દ્વારા ચડાવાતી ભેટની રકમમાંથી આઠ કરોડ રૂપિયા જેટલી રકમ લૂંટવામાં આવી હોવાના અહેવાલ ચોંકાવનારા-ચિંતાકારક છે. શ્રદ્ધા ઉપર આ કલંક છે. અયોધ્યામાં રામલલ્લાનાં દર્શન માટે દેશ-વિદેશથી લાખ્ખો લોકો આવે છે. અત્યાર સુધીમાં આંકડો કરોડો ઉપર પહોંચ્યો હશે. દર્શનાર્થીઓ મંદિરમાં જે ભેટ ચડાવે તેની ગણતરી વિશ્વાસુ કર્મચારીઓ દ્વારા થાય છે, ત્યારે આ વિશ્વાસઘાત લોકોની શ્રદ્ધા સાથે થયો છે. આ લૂટની ખબર સાપ્રથમ સમાજવાદી પાર્ટીના એક પૂર્વ વિધાયકે જાહેર કરી ત્યારે મંદિર ટ્રસ્ટે રદિયો આપ્યો હતો, પણ સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે સોશિયલ મીડિયામાં અભિયાન શરૂ કર્યું આ ઘટનાને રાજકીય સ્વરૂપ મળ્યું. તે પછી મંદિર ટ્રસ્ટે મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પાસે ૨૪ કલાકમાં ત્રણ ઉચ્ચ અધિકારીની સમિતિ નીમીને સાત દિવસમાં પ્રાથમિક અહેવાલ માગ્યો છે. ફાઈનલ રિપોર્ટ ૧૫ દિવસમાં સુપરત થશે. રાજ્ય સરકારનો ત્વરિત નિર્ણય રામમંદિર-નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ આવકાર્યો છે. આ તપાસ સમિતિના ત્રણ સભ્યમાં લખનઉના ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસપંત, ઈન્સ્પેક્ટર જનરલ કિરણ તથા નાણાખાતાના વિશેષ સચિવ નીલ રતન છે. આઈજી કિરણે સીબીઆઈ તથા ઈન્ટરપોલમાં સેવા આપીને તાજેતરમાં જ નવી જવાબદારી સંભાળી છે. ભેટની રકમની ગણતરી કેવી રીતે થાય છે અને દેખરેખની વ્યવસ્થા કેવી છે તેની તમામ વિગતવાર તપાસ થશે. જે શખ્સો અત્યાર સુધી પકડાયા છે - તેમાંના બે કર્મચારી તો માસિક ૧૮ હજાર રૂપિયાનું વેતન મેળવતા હતા અને જોતજોતાંમાં અયોધ્યામાં માલેતુજાર મિલકતોના માલિક બની બેઠા છે, પણ મંદિર ટ્રસ્ટ અથવા જાગૃત નાગરિકોના ધ્યાનમાં આ વાત આવી નહીં તે આશ્ચર્ય છે. આલીશાન ઈમારતના દ્વારે માલિકના નામ સાથે હિન્દુજન જાગૃતિ અને મંદિરનું નામ જોડવામાં આવે તેથી શું જવાબદાર અધિકારીઓ અને નાગરિકો આંખ મીંચીને વંદન કરે?! અખિલેશ યાદવ તો રાજકારણ કરે જ. તેની નવાઈ નથી પણ હવે ઉચ્ચ કક્ષાની તપાસ સમિતિ નીમવાના નિર્ણયને આવકાર આપવાને બદલે તેઓ કહે છે - મંદિરના પંડિતો - પૂજારીઓની તપાસ અધિકારીઓ કરે તે સનાતન ધર્મનું અપમાન છે ! તો શું ટ્રસ્ટ અને રાજ્ય સરકાર તપાસ કરવાને બદલે હાથ જોડીને ભજન - કીર્તન કરે? રામમંદિર અભિયાનમાં શરૂઆતથી જોડાયા હતા તે વિનય કટિયાર કહે છે મંદિર ટ્રસ્ટ ચલાવતા કેટલા સભ્યો ચોર છે! તપાસ સમિતિનું કાર્ય ભેટ-સોગાદની લૂંટ પૂરતું મર્યાદિત છે, પણ વિનય કટિયારનું નિવેદન પણ તપાસવું જોઈએ. એમણે ટ્રસ્ટ ઉપર ગંભીર આક્ષેપ કર્યો છે તેની નોંધ લઈને તપાસ સમિતિએ વિનય કટિયાર તથા ટ્રસ્ટીઓને પણ બોલાવીને પૂછપરછ કરવી જોઈએ. હકીકતમાં ટ્રસ્ટીઓએ સામે ચાલીને આવી તપાસની માગણી કરવી જોઈએ. અખિલેશ યાદવ કહે છે કે, ચોર પકડાય નહીં તો અમે પકડીને હાજર કરીશું. તો એમની પૂછપરછ પણ થવી જોઈએ. આ લૂટની તલસ્પર્શી તપાસનો અહેવાલ આવ્યા પછી વ્યવસ્થાતંત્રમાં જરૂરી સુધારાની જાણ જાહેર જનતા સમક્ષ આવે તો જ શ્રદ્ધા દૃઢ બનશે. તિરુપતિ બાલાજીના પ્રસાદમાં નકલી-ચરબીયુક્ત ઘી વપરાયાના વિવાદ પછી આ લૂટની ઘટના માત્ર અપરાધની ઘટના છે કે કોઈ કાવતરું? તે સ્પષ્ટ થવું જરૂરી છે.




## ટ્રાયફેક્ટાએ ગિફ્ટ સિટી આઈપીઓ માટે અરજી કરી

સુરત, તા.૧૭ : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સઆધારિત સ્પેશિયલાઈઝ્ડ વર્કફોર્સ અને ટેકનોલોજી સોલ્યુશન્સ પૂરા પાડતી કંપની ટ્રાયફેક્ટા ઈન્કોર્પોરેશને ગુજરાતના ગિફ્ટ સિટીમાં આવેલા એક્સચેન્જ પર તેના સૂચિત આઈપીઓ માટે ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી (આઈએફએસસીએ) સમક્ષ ડ્રાફ્ટ ઓફર ડોક્યુમેન્ટ ફાઈલ કર્યું છે. કંપનીના શેર્સનું લિસ્ટિંગ થયા બાદ ટ્રાયફેક્ટા ગિફ્ટ સિટી માળખા હેઠળ ભારતમાં લિસ્ટ થનારી અમેરિકામાં હેડક્વાર્ટર ધરાવતી પ્રથમ વિદેશી કંપની બની શકે છે. પ્રસ્તાવિત આઈપીઓમાં ૧૩.૩ મિલિયન સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને વેચાણકર્તા શેરધારક રતિકા ત્યાગી દ્વારા ૩.૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. આ ઈશ્યૂ અમેરિકન ડોલરમાં હશે અને કંપનીના શેર એનએસઈ આઈએફએસસી લિમિટેડ તથા ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેન્જ પર લિસ્ટ કરવાની યોજના છે.

## દેવર્ષિ નારદ પત્રકાર સન્માન સમારોહ ૨૧ જૂને

### પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક, વેબ, રેડિયો અને કટાર લેખન ક્ષેત્રના પ્રતિષ્ઠિત પત્રકારો

અમદાવાદ, તા. ૧૭ : વિશ્વ સંવાદ કેન્દ્ર, ગુજરાત દ્વારા પોતાની આગવી પરંપરાને અનુરૂપ દેવર્ષિ નારદ પત્રકાર સન્માન સમારોહ-૨૦૨૬નું આયોજન આગામી ૨૧ જૂન, રવિવારના રોજ Knowledge Consortium of Gujarat (KCG)- જ્ઞાપુરમ્, એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ પાસે, પી.આર.એલ.ની સામે, ગુજરાત યુનિવર્સિટી પાસે, નવરંગપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે નરેન્દ્રજી ઠાકુર (અખિલ ભારતીય સહપ્રચાર પ્રમુખ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ), ડો. અમીબેન ઉપાધ્યાય (કુલપતિ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ) તેમજ ડો. ભરતભાઈ પટેલ (પ્રાંત સંઘચાલક, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગુજરાત પ્રાંત) ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન વિવિધ મીડિયા ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર પત્રકારોને દેવર્ષિ નારદ પત્રકાર સન્માનથી નવાજવામાં આવશે. જેમાં પ્રિન્ટ મીડિયામાં મયુરભાઈ પાઠક (સંદેશ), ઈલેક્ટ્રોનિક મીડિયામાં રોનકભાઈ પટેલ (ABP Asmita), કટાર લેખન ક્ષેત્રે શિશિરભાઈ રામાવત (ગુજરાત સમાચાર), વેબ મીડિયામાં અલકેશભાઈ પટેલ (REVOI), રેડિયો જર્નાલિઝમ ક્ષેત્રે આર.જે. હાર્દિક પ્રજાપતિ (Fever FM) તથા વિશેષ સન્માન તરીકે ભાલચંદ્રભાઈ જાની (ગુજરાત સમાચાર, મુંબઈ)ને સન્માનિત કરવામાં આવશે. વિશ્વ સંવાદ કેન્દ્ર, ગુજરાત દ્વારા પત્રકારત્વ ક્ષેત્રના તમામ પત્રકાર મિત્રો, મીડિયા પ્રતિનિધિઓ તથા શુભેચ્છકોને આ દેવર્ષિ નારદ પત્રકાર સન્માન સમારોહમાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઈરાન સાથે MoU ફાઈનલ નથી : ટ્રમ્પ

## જો પસંદ નહીં આવે તો અમે ફરીવાર એટેક કરીશું



(સંપૂર્ણ સમાચાર સેવા)
ફ્રાન્સ, તા.૧૭ : મિડલ ઈસ્ટમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારની વાતો સામે આવી રહી હતી. બંને દેશો તરફથી એવા સંકેતો મળ્યા હતા કે, કરાર પર સહમતિ બની રહી છે. પરંતુ આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાના નિવેદનથી દુનિયાને ચોંકાવી દીધી છે. ફ્રાન્સમાં ચાલી રહેલી G7 સમિટ દરમિયાન તેમણે સ્પષ્ટ કર્યું છે કે, ઈરાન સાથે હજુ MoU ફાઈનલ થયા નથી, જો ડીલમાં કંઈ પસંદ નહીં આવે તો અમેરિકા ફરી હુમલો કરશે

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં G7 સમિટમાં ભાગ લેવા ફ્રાન્સની મુલાકાતે છે. સમિટ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમણે ઈરાન સાથેના સંભવિત કરાર પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું. તેમણે દાવો કર્યો કે, અમે ઈરાનમાં બધું જ નષ્ટ કરી દીધું છે. ઈરાન સાથેનો MoU હજુ ફાઈનલ નથી. જો આ ડીલમાં મને કંઈપણ પસંદ નહીં આવે, તો અમે ઈરાન પર ફરીથી હુમલો કરીશું. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, ઈરાન સાથેની ડીલ અંગે વિગતવાર વાત કરવામાં આવશે. વૈશ્વિક બજાર આ ઈરાન ડીલથી ઘણું ખુશ છે. વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતો હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) આગામી એક-બે દિવસમાં સંપૂર્ણપણે ખુલી જશે. આ માર્ગ અત્યારે પણ આંશિક રીતે ખુલ્લો જ છે, પરંતુ ટૂંક સમયમાં તે સામાન્ય થઈ જશે.

મહત્વનું છે કે આ ડીલની અસરના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો સતત ઘટી રહી છે.

તેલના ભાવ ઘટવાથી લોકોની ખરીદશક્તિ પર સકારાત્મક અસર પડશે, અને કિંમતો યુદ્ધ પહેલાના સ્તર કરતા પણ નીચે જઈ શકે છે.

દરમિયાન, ફ્રાન્સના એવિયનમાં G-7 સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી. સમિટના આઉટરીચ સત્ર દરમિયાન પીએમ મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એકબીજાની બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. ૧૬ મહિનામાં બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત હતી. જો કે, ટ્રમ્પની સામે PM મોદીએ નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઊઠાવતા કહ્યું કે, ભારતીયોએ જીવ ગુમાવવા પડ્યા. G-7 સમિટને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, આજનું વિશ્વ પહેલા કરતાં વધુ એકબીજા સાથે જોડાયેલું અને પરસ્પર નિર્ભર છે.

કોઈ પણ દેશની ઉર્જા સુરક્ષા, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સુરક્ષા, સાયબર સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિ તેની સરહદો સુધી મર્યાદિત નથી. ગતિશીલતા, ડેટા, મૂડી અને ટેકનોલોજી આ બધું આપણને જોડે છે. આવા સમયમાં ભાગીદારીનું મહત્ત્વ સ્વાભાવિક રીતે વધે છે, પરંતુ ભાગીદારી ત્યારે જ સફળ થાય છે જ્યારે વિશ્વાસ તેના મૂળમાં હોય છે.

આજે, સૌથી મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક સંપત્તિ ખનિજો, ટેકનોલોજીઓ કે બજારો નથી પરંતુ પરસ્પર વિશ્વાસ છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ટેકનોલોજી અને સપ્લાય ચેઈનનો ઉપયોગ શસ્ત્ર તરીકે નહીં, પણ વૈશ્વિક ભલા માટે થશે. વિકાસની તકો થોડા દેશો સુધી મર્યાદિત રહેશે નહીં. વૈશ્વિક સંસ્થાઓ બધા દેશોની આકાંક્ષાઓ પૂરી કરી શકશે.

## ટ્રમ્પ સામે મોદીએ નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઊઠાવ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૭ : ફ્રાન્સના એવિયનમાં G-7 સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી. સમિટના આઉટરીચ સત્ર દરમિયાન પીએમ મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એકબીજાની બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. ૧૬ મહિનામાં બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત હતી. જો કે, ટ્રમ્પની સામે PM મોદીએ નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઊઠાવતા કહ્યું કે, ભારતીયોએ જીવ ગુમાવવા પડ્યા. G-7 સમિટને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, આજનું વિશ્વ પહેલા કરતાં વધુ એકબીજા સાથે જોડાયેલું અને પરસ્પર નિર્ભર છે. કોઈ પણ દેશની ઉર્જા સુરક્ષા, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સુરક્ષા, સાયબર સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિ તેની સરહદો સુધી મર્યાદિત નથી. ગતિશીલતા, ડેટા, મૂડી અને ટેકનોલોજી આ બધું આપણને જોડે છે. આવા સમયમાં ભાગીદારીનું મહત્ત્વ સ્વાભાવિક રીતે વધે છે, પરંતુ ભાગીદારી ત્યારે જ સફળ થાય છે જ્યારે વિશ્વાસ તેના મૂળમાં હોય છે. આજે, સૌથી મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક સંપત્તિ ખનિજો, ટેકનોલોજીઓ કે બજારો નથી પરંતુ પરસ્પર વિશ્વાસ છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ટેકનોલોજી અને સપ્લાય ચેઈનનો ઉપયોગ શસ્ત્ર તરીકે નહીં, પણ વૈશ્વિક ભલા માટે થશે. વિકાસની તકો થોડા દેશો સુધી મર્યાદિત રહેશે નહીં. વૈશ્વિક સંસ્થાઓ બધા દેશોની આકાંક્ષાઓ પૂરી કરી શકશે.

વિશ્વ યુદ્ધને લઈને પીએમ મોદીએ કહ્યું કે, છેલ્લી સદીમાં માનવતાને બે વિશ્વયુદ્ધોનો સામનો કરવો પડ્યો. ઘણા બલિદાન પછી વિશ્વ સમુદાયે શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ તરફ આગળ વધવા માટે સિસ્ટમો વિકસાવી. આ સિસ્ટમો પણ વિશ્વાસ પર આધારિત હતી, પરંતુ ઘણી પેઢીઓના યોગદાન દ્વારા દાયકાઓથી બનેલો વિશ્વાસ પ્રભાવિત થઈ રહ્યો છે. કોવિડે આપણને બતાવ્યું છે કે, વિશ્વાસ અને એકતાના દાવા કેટલા પોકળ હતા.

આજની દુનિયા સંસાધનોની અછત સાથે નહીં, પરંતુ વિશ્વાસના અભાવ સાથે સંઘર્ષ કરી રહી છે અને આપણી ભાગીદારીનું ભવિષ્ય આ વિશ્વાસ પર નિર્ભર છે.

## G7માંથી બાકાત રાખ્યા બાદ ચીન બનાવશે પોતાનું આગવું ગ્રુપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
બીજિંગ, તા.૧૭ : ફ્રાન્સમાં દુનિયાના સૌથી અમીર દેશોના સંગઠન G7 સમિટ ચાલી રહ્યું છે. આ મહા બેઠકમાં ચીનને આમંત્રણ આપવામાં નથી આવ્યું, જેના કારણે ચીન ગુસ્સાથી લાલ થઈ ગયું છે. શી ઝિનપિંગે ચૂપ રહેવાની જગ્યાએ અમેરિકા અને તેના અમીર સાથી દેશોને પછડાવા માટે એક મોટો માસ્ટરસ્ટ્રોક રમ્યો છે.

જેવું S-7 ખતમ થયું, ચીને એલાન કરી દીધું કે તે ખુદ એક અલગ ગ્લોબલ ગ્રુપ બનાવવા જઈ રહ્યું છે, જેનું નામ ગ્લોબલ એઆઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન હશે.

હવે સૌથી મોટો સવાલ એ છે કે આ નવા ગ્રુપમાં સામેલ થવા માટે ઝિનપિંગ આખરે કયા દેશોને આમંત્રણ મોકલી રહ્યું છે અને તેની પાછળનો ગેમપ્લાન શું હશે?

ચીની વિદેશ મંત્રી વાંગ યીએ દુનિયાભરના પત્રકારો સામે સ્પષ્ટ કરી દીધું છે કે ચીન હવે આખી દુનિયાની કમાન પોતાના હાથમાં લેવાની તૈયારી કરી ચૂક્યું છે અને Global AI Cooperation Organization દ્વારા કેટલાય દેશો સાથે એક અલગ ગ્રુપ બનાવવા માગે છે.

S7 સમિટમાંથી બહાર રાખ્યા બાદ ચીન સારી રીતે સમજી ગયું છે કે અમેરિકા અને યુરોપીય દેશ તેને ક્યારેય આગળ વધવા દેશે નહીં. આ જ કારણ છે કે ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે ચીન આ નવા વૈશ્વિક સંગઠનને ખૂબ જ જલદી ઊભું કરી દેશે અને તેમાં સામેલ થવા માટે તમામનું સ્વાગત કરે છે.

ગ્લોબલ સાઉથના દેશ: ચીનનો સૌથી મોટો દાવ એ વિકસિત અને વિકાસશીલ દેશો પર છે, જે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં ફેલાયેલા છે. આ દેશોને પશ્ચિમ દેશોના ભરોસે છોડી મૂકવામાં આવે છે અને ચીન હવે તેને ટેકનિકની લાલચ આપી પોતાની સાથે લઈ રહ્યું છે.

ચીનના ગુસ્સા અને અચાનક કરવામાં આવેલા આ મોટા એલાન પાછળ હકીકતમાં અમેરિકાનો એક સિક્રેટ રિપોર્ટ છે, જેનાથી બેઈજિંગને બળતરા થઈ છે.

S7 સમિટ દરમિયાન એક ગુપ્ત કૂટનીતિક રિપોર્ટ લીક થયો, જેમાં એ વાત સામે આવી છે કે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, કેનેડા, ઈટલી અને જાપાન મળી એક બહુ મોટો ખેલ કરી રહ્યા છે.

## રશિયા પાસેથી ઓઈલ ખરીદવા પર પ્રતિબંધ મૂકશે ટ્રમ્પ

### રશિયાથી ભારતની ક્રૂડ ઓઈલની આયાત મે મહિનામાં વધીને ૬.૭ બિલિયન ડોલર થઈ



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૭
ફ્રાન્સના એવિયન-લેસ-બૅન્સમાં ચાલી રહેલા G7 શિખર સંમેલનમાંથી ભારત માટે એક મોટા અને ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ખાડી દેશોમાં ઈરાન યુદ્ધના કારણે યુક્રેનનો મુદ્દો વૈશ્વિક મંચ પર થોડો પાછળ ધકેલાઈ ગયો હતો, પરંતુ હવે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને અન્ય G7 નેતાઓએ રશિયા-યુક્રેન યુદ્ધને ફરીથી પોતાના એજન્ડામાં ટોચ પર રાખ્યું છે. અમેરિકાએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે ગ્લોબલ ઓઈલ માર્કેટને સ્થિર રાખવા માટે રશિયન ઓઈલ પર આપવામાં આવેલી છૂટછાટ ટૂંક સમયમાં જ સમાપ્ત થઈ શકે છે, જેના કારણે ભારતની ઊર્જા સુરક્ષા અને સસ્તા ક્રૂડ ઓઈલની આયાત પર સીધી અસર પડશે.

જ્યારે વૈશ્વિક ઓઈલ સપ્લાય ખતરામાં હતી, ત્યારે અમેરિકા અને દુનિયામાં મોંઘવારી ન વધે તે માટે રશિયાને ઓઈલ વેચવાની છૂટ આપવામાં આવી હતી.

હવે જ્યારે ઈરાન સાથેનો તણાવ ઓછો થઈ રહ્યો છે, ત્યારે તેઓ રશિયા પર ફરીથી કડક આર્થિક દબાણ લાવવા માટે તૈયાર છે. ટ્રમ્પે એવિયનમાં પત્રકારોને જણાવ્યું હતું કે ખાડીમાં આશરે 3.5 મહિનાથી ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવાના કરાર બાદ હવે ઈરાનનો મુદ્દો પાછળ રહી જશે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી ઓઈલની અવરજવર ફરીથી સુચારૂ થતાં જ પ્રતિબંધો ફરી લાગુ કરવાનો સમય આવી ગયો છે.

આ સાથે જ G7 દેશો વચ્ચે રશિયાની ઊર્જા કમાણી રોકવા માટે દબાણ વધારવા પર સહમતિ બની છે. બ્રિટનના પીએમ કીર સ્ટાર્મર અને કેનેડાના પીએમ માર્ક કાર્નીએ રશિયાના 'શેડો ફ્લીટ' (ગુપ્ત ઓઈલ ટેન્કરો) પર નવા પ્રતિબંધોની જાહેરાત પણ કરી દીધી છે.

## રામ મંદિરમાંથી ૪૦ પેટીનું દાન, ૨ કિલો સોનાની ગદા ગુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અયોધ્યા, તા.૧૭
અયોધ્યાના રામ મંદિરમાં કરોડો રૂપિયાની ચોરીનો વિવાદ સામે આવ્યો છે. જેને પગલે આ મામલે એસઆઈટી દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી છે. મંદિરમાં જે દાન આવે છે તેની ગણતરી કરનારા આશરે ૪૩ જેટલા કર્મચારીઓની એસઆઈટી દ્વારા પૂછપરછ કરવામાં આવી શકે છે. કેમ કે ચોરી મુખ્યત્વે દાન પેટીમાં આવેલા દાનમાંથી જ કરવામાં આવી હોવાના અહેવાલો છે. સમગ્ર મામલે તપાસ કરી રહેલી એસઆઈટી હાલ દાનમાં આવેલા નાણાની ગણતરી અને તેની વ્યવસ્થા કરી રહેલી સમગ્ર ટીમ પર નજર રાખી રહી છે. સુત્રો દ્વારા એવી માહિતી મળી છે કે દાન પેટીઓમાંથી જ નાણા ચોરી લેવામાં આવ્યા છે. મંદિર અંદર જ આશરે ૪૦ જેટલી દાનપેટી આવેલી છે, અગાઉ જ્યારે મંદિર ખોલવામાં આવ્યું ત્યારે આ પેટીની સંખ્યા ૧૦ હતી જેમાં બાદમાં વધારો થતો ગયો. એવા અહેવાલો છે કે અત્યાર સુધીમાં પૂછપરછ દરમિયાન પાંચ કર્મચારીઓ પાસેથી બે કરોડ રૂપિયા પરત મેળવી લેવાયા છે. જે સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે તેમાં આ કર્મચારીઓ ચોરી કરતા ઝડપાયા હોવાથી બાદમાં તેમને પ્રશાસન દ્વારા કાઢી મુકવામાં આવ્યા હતા. જો કે સત્તાવાર રીતે કોઈ જ ફરિયાદ દાખલ કરાવવામાં નથી આવી. એસઆઈટી આ સમગ્ર મામલે આશરે ૧૫ દિવસમાં પોતાનો તપાસ રિપોર્ટ સરકારને સોંપશે જે બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

એસઆઈટી સતત બીજા દિવસે પણ રામ મંદિર પહોંચી હતી. મંદિરના ટ્રસ્ટ સાથે જોડાયેલા સભ્યોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. એવા અહેવાલો છે કે માત્ર રૂપિયા નહીં સોના ચાંદીની જ્વેલરીની પણ ચોરી કરાઈ છે, બે કિલોની સોનાની ગદા પણ ગાયબ થયાની ચર્ચા છે.

## ઉદ્ધવ ઠાકરેને ઝટકો :૬ બળવાખોર સાંસદોની શિંદે જૂથમા જોડાવાની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૭ : મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ બાદ હવે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) માં પણ મોટું ભંગાણ પાકું થઈ ગયું છે. શિવસેના (UBT) ના કુલ ૯ લોકસભા સાંસદોમાંથી ૬ સાંસદોએ ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડીને પોતાને એકનાથ શિંદેની સેનાના સાંસદો માનવાનો આખરી નિર્ણય કરી લીધો છે. આ બળવાખોર સાંસદોએ નવી દિલ્હી ખાતે લોકસભા સ્પીકર ઓમ બિરલાને લેખિત પત્ર સોંપીને સંસદમાં તેમને શિંદેના સાંસદો તરીકે માન્યતા આપવા સત્તાવાર વિનંતી કરી દીધી છે. આ ઘટનાક્રમ સાથે જ મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર સોંપનારા ઉદ્ધવ જૂથના ૬ બળવાખોર સાંસદોમાં નીચે મુજબના નેતાઓ સામેલ છે:

૧. સંજય જાધવ, ૨. સંજય દેશમુખ, ૩. નાગેશ પાટીલ અષ્ટિકર, ૪. ઓમરાજે નિંબાલકર, ૫. ભાઉસાહેબ વાકચૌરે, ૬. સંજય દીના પાટીલ
આ મોટા ભંગાણ બાદ હવે ઉદ્ધવ ઠાકરેની સાથે માત્ર ૩ જ સાંસદો બચ્યા છે, જ્યારે ૬ સાંસદો એકજૂથ થઈને અલગ થઈ ગયા છે.

## ગુજરાતમાં TET પરીક્ષા નાબૂદીની માગ સાથે ૫૫૦૦ શિક્ષકોના ધરણા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અરવલ્લી, તા.૧૭ : ગુજરાતમાં શિક્ષકોની બદલી અને પરીક્ષાઓને લઈને ચાલી રહેલા વિવાદો વચ્ચે હવે અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોએ સરકાર સામે બાવડા ચડાવ્યા છે. રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ પ્રેરિત આંદોલનના ભાગરૂપે બુધવારે અરવલ્લી જિલ્લા પંચાયત કચેરી સામે મોટી સંખ્યામાં પ્રાથમિક શિક્ષકો ધરણા પર બેસી ગયા હતા. શિક્ષકો દ્વારા TET પરીક્ષા નાબૂદ કરવાની મુખ્ય માગ સાથે આ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

ધરણા કાર્યક્રમ દરમિયાન શિક્ષકોનો ભારે આક્રોશ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં એકઠા થયેલા શિક્ષકોએ જિલ્લા પંચાયત કચેરીની બહાર જ જમીન પર બેસીને સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ વિરોધના ભાગરૂપે 'રામધૂન' બોલાવી પ્રશાસનનું ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. આ આંદોલનને પગલે જિલ્લા પંચાયત પરિસરમાં શૈક્ષણિક આલમનો મોટો જમાવડો જોવા મળ્યો હતો. આંદોલનકારી શિક્ષકોના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, TET પરીક્ષાના હાલના નિયમો પ્રાથમિક શિક્ષકો માટે અન્યાયકર્તા છે અને તેને તાત્કાલિક અસરથી નાબૂદ કરવી જોઈએ. આ માંગણી સબબ જિલ્લાના આશરે ૫૫૦૦ જેટલા પ્રાથમિક શિક્ષકોના સમર્થન સાથેનું એક વિસ્તૃત આવેદનપત્ર અરવલ્લી જિલ્લા કલેક્ટરને સુપરત કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ ચીમકી આપી છે કે, જો સરકાર આ પડતર માંગણીઓનો વહેલી તકે ઉકેલ નહીં લાવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે. દિવસભરના ધરણા અને આવેદનપત્રના કાર્યક્રમ બાદ, શિક્ષક સંઘ દ્વારા આ વિરોધ પ્રદર્શનને અહિંસક અને આધ્યાત્મિક વળાંક આપવાનું પણ નક્કી કરાયું છે.

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

## છીરીમાં સફાઈ અને રસ્તાની સમસ્યા યથાવત




**મનપામાં સમાવાયા બાદ દોઢ વર્ષ વીતી ગયા છતાં ઠેરઠેર કચરાના ઢગલા અને ગંદકી, રસ્તાઓ ઉખડેલા જોવા મળે છે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી મહાનગરપાલિકામાં છીરી ગામનો સમાવેશ થયાને દોઢ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં અહીંના રહેવાસીઓને હજુ સુધી શહેર જેવી સુવિધાઓનો પૂરતો લાભ મળતો નથી. ખાસ કરીને સફાઈ વ્યવસ્થાની સ્થિતિને લઈને સ્થાનિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. વિસ્તારના અનેક માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ઠેરઠેર કચરાના ઢગલા જોવા મળે છે, જેના કારણે ગંદકી અને દુર્ગંધની સમસ્યા સર્જાઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ નિયમિત સફાઈ ન થવાના કારણે વરસાદી મોસમ દરમિયાન રોગચાળાનો ભય પણ વધી ગયો છે. અનેક જગ્યાએ ખુલ્લામાં કચરો પડ્યો રહેતો હોવાથી રખડતા પશુઓ અને જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધ્યો છે.

મનપા દ્વારા કરોડો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં તેનો લાભ લોકો સુધી પહોંચતો ન હોવાનું સ્થાનિકોનું કહેવું છે. બીજી તરફ રસ્તાઓની સ્થિતિ પણ ખાસ સુધરી નથી. અનેક આંતરિક માર્ગો પર ખાડા, તૂટેલી સપાટી અને ધૂળની સમસ્યા યથાવત જોવા મળે છે. વાહનચાલકો અને રાહદારીઓને રોજબરોજ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોએ મનપા તંત્રને છીરી વિસ્તારમાં સફાઈ અને માર્ગ સુવિધાઓ અંગે તાત્કાલિક ધ્યાન આપી જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યાં છે.

### જુના ટ્રેક્ટરમાં ખુલ્લામાં કચરો લઈ જવાય છે



વાપી મનપા દ્વારા ડોર ટુ ડોર કચરા કલેક્શન માટે તાજેતરમાં ૫ વર્ષ માટે ખાનગી કંપનીને ૬૫ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. છતાં છીરી વિસ્તારમાં જુના ખખડધજ ટ્રેક્ટરમાં ખુલ્લામાં ભીનો અને સૂકો કચરો ભેગો કરી લઈ જવાય છે. આ ટ્રેક્ટરની નંબર પ્લેટ પણ નથી. જે આશ્ચર્યજનક બાબત છે સાથે જ નવા કોન્ટ્રાકટરની પોલ ખોલી રહ્યું હોય મનપાના અધિકારીઓએ તપાસ કરી કાર્યવાહી કરવાની જરૂર છે.

## નામધા-ખડકલા રોડની ડીવાઈડર પર લગાવેલા પ્લાન્ટ સુકાઈ ગયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી નામધા ખડકલા રોડની વચ્ચે ડીવાઈડરમાં લગાવેલા પ્લાન્ટ જાળવણીના અભાવે સુકાઈ ગયા છે. વાપી મનપા દ્વારા ખડકલા નીલકંઠ બિલ્ડીંગથી ત્રણ રસ્તા સુધી ડીવાઈડર વચ્ચે પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. પરંતુ નિયમિત પાણી સીંચવામાં ન આવતા જાળવણીના અભાવે મોટાભાગના પ્લાન્ટ સુકાઈ ગયા છે. સ્થાનિક લોકોની માંગ છે કે શહેરની સુંદરતા પાછળ ખર્ચવામાં આવતા લાખો રૂપિયા વ્યર્થ ન જાય તે માટે અધિકારીઓએ જવાબદાર વિભાગના કર્મચારીઓને તાકીદ કરવાની જરૂર છે.

## વટારની એસ.એસ.બી.ડી. દેસાઈ હાઈ.માં પ્રવેશોત્સવ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** એસ.એસ.બી.ડી, દેસાઈ હાઈસ્કુલ વટારમાં તા.૧૬/ ૬/૨૬ના રોજ ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ ઉજવાયો. પ્રવેશોત્સવની ઉજવણી અંતર્ગત શાળાના માર્ગદર્શક ડો. નાનુભાઈ પટેલે નવા આવેલા બાળકોમાં શિક્ષણની ભૂખ જગાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું તેમજ પ્રાથમિક શાળા વટારના આચાર્ય ગણેશભાઈ ટંડેલ નવા આવેલા બાળકોને શિક્ષણનું મહત્વ સમજાવી પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતાં. તેમજ પ્રા.શા.ના શિક્ષિકા મિતલબેન ઉપસ્થિત રહ્યા હતાં.

શાળામાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને મહેમાનો દ્વારા કુમકુમ તિલક કરી ચોકલેટ આપી મોડું મીઠું કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય ડો. નિખિલભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ શાળાની શિક્ષિકા રીટાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિકાસ કાર્યોને વેગ મળવાની જોવાતી રાહ

## વાપી મનપામાં વિવિધ સમિતિઓની રચના અંગે લોકોમાં આતુરતા વધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી મહાનગરપાલિકામાં ૨૮ મેના રોજ મેયર, ડેપ્યુટી મેયર તેમજ સ્ટેન્ડિંગ કમિટીના હોદ્દેદારોની નિયુક્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૯ મેના રોજ નવા હોદ્દેદારોએ વિધિવત રીતે સત્તા ગ્રહણ કરી પોતાની કામગીરીનો પ્રારંભ કર્યો હતો. જોકે સત્તા સંભાળ્યાને લગભગ ૨૦ દિવસ થવા આવ્યા હોવા છતાં હજુ સુધી મનપાની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી નથી.

મહાનગરપાલિકામાં પાણી પુરવઠા, આરોગ્ય, જાહેર બાંધકામ, શિક્ષણ, સફાઈ સહિતની અનેક મહત્વપૂર્ણ સમિતિઓની કામગીરી શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓ સાથે સીધી રીતે સંકળાયેલી હોય છે. સમિતિઓના સભ્યો અને ચેરમેનની નિમણૂંક બાદ જ વિવિધ

**મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના હોદ્દેદારોને સત્તા સંભાળ્યાને ૨૦ દિવસ થવાના છતાં સમિતિઓની રચના બાકી**

વિભાગોની કામગીરીને વધુ અસરકારક રીતે આગળ ધપાવી શકાય છે. તેથી શહેરના નાગરિકો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં સમિતિઓની રચના અંગે ઉત્સુકતા જોવા મળી રહી છે.

સ્થાનિક લોકોનું માનવું છે કે સમિતિઓની રચના વહેલી તકે કરવામાં આવે તો શહેરના રસ્તા, સફાઈ, પાણી પુરવઠા, સ્ટ્રીટલાઈટ સહિતના પ્રશ્નોના નિરાકરણમાં ઝડપ આવશે. હાલમાં અનેક વિકાસલક્ષી યોજનાઓ અને નાગરિક સુવિધાઓ સંબંધિત મુદ્દાઓ સમિતિઓના માર્ગદર્શન અને દેખરેખની રાહ જોઈ રહ્યા છે.

શહેરની જનતા હવે આશા રાખી રહી છે કે મનપા શાસકો દ્વારા ટૂંક સમયમાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવશે, જેથી વિકાસ કાર્યોને વધુ વેગ મળે અને નાગરિકોની લાંબા સમયથી પડતર સમસ્યાઓના ઉકેલ માટે પગલાં ભરાઈ શકે.

## છીરીથી મોરાઈ-વટાર જતી નહેર કચરા અને ઝાડી-ઝાંખરાથી ખદબદ

**વર્ષોથી નહેરની સફાઈ પાછળ ધ્યાન અપાયું નથી, છીરી વિસ્તારમાં ખુલ્લેઆમ કચરો નહેરમાં ઠલવાતા સ્થિતિ ગંભીર**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી તાલુકાના છીરીથી, સલવાવ મોરાઈ અને વટાર સહિતના વિસ્તારોમાં પસાર થતી સિંચાઈ વિભાગની નહેર હાલ કચરા, ઝાડી-ઝાંખરા અને ગંદકીથી ખદબદી રહી હોવાનું સામે આવ્યું છે. વર્ષોથી નહેરની યોગ્ય સફાઈ કરવામાં ન આવતાં અનેક સ્થળોએ પાણીના પ્રવાહમાં અવરોધ સર્જાઈ રહ્યો છે. સ્થાનિક ખેડૂતો અને રહિશોમાં આ મુદ્દે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ નહેરના કિનારાઓ પર ઘાસ, ઝાડી-ઝાંખરા અને જંગલી વનસ્પતિનો એટલો વધારો થઈ ગયો છે કે ઘણા ભાગોમાં નહેરનું મૂળ સ્વરૂપ પણ દેખાતું નથી. કેટલીક જગ્યાએ નહેર ઉપર દબાણો છે. બીજી તરફ છીરી સહિતના કેટલાક વિસ્તારોમાં અસામાજિક તત્વો અને કેટલાક લોકો દ્વારા ઘરગથ્થુ તેમજ અન્ય પ્રકારનો કચરો સીધો નહેરમાં ઠાલવવામાં આવી રહ્યો છે. પરિણામે નહેરમાં ગંદકીના ઢગલા સર્જાયા છે અને દુર્ગંધ ફેલાવાની સમસ્યા પણ ઊભી થઈ છે.

ખેડૂતોનું કહેવું છે કે સિંચાઈ માટે ઉપયોગી આ નહેરની સમયાંતરે સફાઈ કરવામાં આવે તો પાણીનો પ્રવાહ જળવાઈ રહે અને ખેતીને પણ પૂરતો લાભ મળી શકે. હાલ ઘણી જગ્યાએ કચરો અને ઝાડી-ઝાંખરાના કારણે પાણીનો -વાહ ધીમો પડી રહ્યો છે, જે આગામી સમયમાં વધુ ગંભીર સમસ્યા સર્જી શકે છે.

સ્થાનિકોએ સિંચાઈ વિભાગને તાત્કાલિક નહેરનું નિરીક્ષણ કરી સફાઈ અભિયાન હાથ ધરવાની માંગ કરી છે. સાથે જ નહેરમાં કચરો ઠાલવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે. ચોમાસાની ઋતુ નજીક આવી રહી હોવાથી સમયસર સફાઈ નહીં થાય તો પાણી ભરાવા અને ગંદકીની સમસ્યા વધુ વિકરાળ બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિકો હવે વિભાગ દ્વારા ઝડપી કાર્યવાહી કરવામાં આવે તેવી આશા રાખી રહ્યા છે.

## રોટરી ક્લબ ઓફ વાપી રીવરસાઈડ દ્વારા નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી નગર પંચાયત હાઈસ્કૂલ ખાતે રોટરી ક્લબ ઓફ વાપી રીવરસાઈડ દ્વારા ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય પૂરી પાડવાનો અને તેમને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન ધો.૯થી ૧૨ના કુલ ૪૦૦ વિદ્યાર્થીઓને દરેક વિદ્યાર્થી દીઠ ૭ નોટબુક આપવામાં આવી હતી. આ રીતે કુલ ૨૮૦૦ નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ વાપીના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓને નોટબુકો અર્પણ કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓએ આનંદ અને ઉત્સાહપૂર્વક નોટબુકો સ્વીકારી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, શિસ્ત અને પરિશ્રમનું મહત્વ સમજાવી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય સુમીતરાજ રોહિત દ્વારા રોટરી ક્લબ ઓફ વાપીના તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે રોટરી ક્લબ દ્વારા કરવામાં આવેલો આ સેવાકીય ઉપક્રમ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી અને પ્રેરણાદાયી છે. આવા સમાજોપયોગી કાર્યો શિક્ષણ ક્ષેત્રે મહત્વનું યોગદાન આપે છે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મદદરૂપ બને છે.સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને ઉત્સાહભેર સંપન્ન થયો.

## વાપી શ્રી દૈવજ્ઞ સમાજ મિત્ર મંડળની ૨૧ જૂને ચૂંટણી યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** શ્રી દેવગન સમાજ મિત્ર મંડળ-વાપી દ્વારા આગામી ૨૧ જૂન, રવિવારના રોજ ટ્રસ્ટ સંચાલિત શ્રી રંગ દૈવજ્ઞ સાંસ્કૃતિક ભવન ખાતે મંડળની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી સમિતિ દ્વારા જાહેર કરાયેલ કાર્યક્રમ મુજબ સવારે ૮ વાગ્યે ઉમેદવારોનો પરિચય અને ચા-નાસ્તાથી કાર્યક્રમનો પ્રારંભ થશે. સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરાશે. ત્યારબાદ બપોરે ૧૨:૩૫ વાગ્યે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. સભા પૂર્ણ થયા બાદ સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. બપોરે ૨ વાગ્યાથી મતગણતરી શરૂ થશે અને સાંજે ૭ વાગ્યા બાદ ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવશે.

મંડળની કુલ ૧૫ સભ્યોની કારોબારી સમિતિ માટે ચૂંટણી યોજાઈ રહી છે, જેમાં ૪ મહિલા સભ્યોનો સમાવેશ ફરજિયાત રાખવામાં આવ્યો છે. કુલ ૨૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. સમાજના ૧૧ સભ્યો દ્વારા મતદાન થવાનું છે અને ૧૧થી વધુ ઉમેદવારોને મળેલા મત મુજબ ચૂંટાયેલા સભ્યો નક્કી થશે. ચૂંટણી સમિતિએ વાપી તથા આસપાસના વિસ્તારોમાં વસતા દૈવજ્ઞ સમાજના આજીવન સભ્યોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મતદાન પ્રક્રિયામાં ભાગ લેવા અને સમાજના વિકાસ માટે સક્રિય યોગદાન આપવા અપીલ કરી છે.

## જમિયત ઉલેમા-એ-વાપી ટ્રસ્ટ તેજસ્વી તારલાઓનું સન્માન કર્યુ



(દમણગશ્રંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી ખાતે જમિયત ઉલેમા-એ-વાપી ટ્રસ્ટ દ્વારા યુવાનોની શૈક્ષણિક અને ધાર્મિક સિદ્ધિઓને બિરદાવવા માટે ભવ્ય 'ફેલિસિટેશન સેરેમની એન્ડ ગ્રાન્ડ એવોર્ડ સેરેમની'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૬ દરમિયાન મુફિત, આલિમ, હાફિઝ-એ-કુરઆન, કારી તેમજ ધોરણ ૧૦ અને ૧૨માં ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મૌલાના મુફિત અહમદ દેવલા, મૌલાના અરશદ મીર તેમજ ડૉ. સોહેલ મહંમદ રફીક ઈસાબ મુખ્ય અતિથિ અને વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને શિક્ષણ, સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમારોહ દરમિયાન કુલ ૧૦૫ વિદ્યાર્થીઓને ટ્રોફી, પ્રમાણપત્ર અને અન્ય પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમાં ૨ આલિમ-એ-દીન, ૯ હાફિઝ-એ-કુરઆન સહિત અનેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનો સમાવેશ થતો હતો. સમાજમાં એકતા અને સદભાવનાનો સંદેશ મજબૂત બને તે હેતુથી પ્રતિભાશાળી વિદ્યાર્થિનીઓને પણ વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું.વક્તાઓએ જણાવ્યું કે શિક્ષણ જ સફળતા, આત્મવિશ્વાસ અને સામાજિક પ્રતિષ્ઠાનો પાયો છે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સરકારી સેવાઓ સહિત વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

અંતે ટ્રસ્ટના અધ્યક્ષ ઈન્તેખાબ ખાનએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. વાઈસ પ્રેસિડેન્ટ ફૌજન ખાન અને જનરલ સેક્રેટરી અબ્દુલ વહાબ ખાને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને શિક્ષણમાં ટ્રસ્ટ દ્વારા શક્ય તમામ સહાય પૂરી પાડવાની ખાતરી આપી હતી.

## વાપીમાં રાષ્ટ્રીય લાભાર્થી સંવાદ કાર્યક્રમ યોજાશે

(દમણગશ્રંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વઔપચારિક રોજગારીને પ્રોત્સાહન આપવા અને સામાજિક સુરક્ષાનો વ્યાપ વધારવાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના હેઠળ શુક્રવાર, ૧૯ જૂન ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય લાભાર્થી સંવાદ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન વડાપ્રધાન નવી દિલ્હીના વિજ્ઞાન ભવનથી કરશે, જે અંતર્ગત કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO)ના પ્રાદેશિક કાર્યાલય, વાપી દ્વારા પણ ૧૯ જૂને વાપી મહાનગરપાલિકાના પદ્મશ્રી રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ ખાતે સમાનાંતર રાષ્ટ્રીય લાભાર્થી સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં અંદાજે ૫૦૦થી ૬૦૦ નોકરીદાતાઓ, કર્મચારીઓ, લાભાર્થીઓ, અધિકારીઓ તેમજ વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. આ પ્રસંગે ગુજરાત સરકારના નાણાં અને શહેરી વિકાસ મંત્રી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ઉપરાંત વલસાડ-ડાંગ વિસ્તાર તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના સાંસદો, ધારાસભ્યો અને અન્ય જનપ્રતિનિધિઓ પણ કાર્યક્રમમાં ભાગ લેશે.

## ચણોદની કેબીએસ એન્ડ નટરાજ કોલેજનું બી.સી.એ.-સેમ.૪નું પરિણામ જાહેર

(દમણગશ્રંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપીના ચણોદ કોલોની સ્થીત કેશવજી ભારમલ સુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીમાં બી.કોમ., બી.એસસી., બી.સી.એ., બી.બી.એ., એમ.કોમ., એમ.એસસી. જેવા વિવિધ અભ્યાસક્રમો ચાલે છે. શૈક્ષણીક વર્ષ ૨૦૨૫-૨૬માં વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી, સુરત અંતર્ગત માર્ચ/અપ્રિલ ૨૦૨૬ માં લેવાયેલબી.સી.એ. સેમ.૪ પરીક્ષાના પરિણામ જાહેર થતા સદર કોલેજના વિધાર્થીઓબી.સી.એ. સેમ.૪માં ૯.૦૦ SGPA સાથે આશિષ સિંઘ પ્રથમ સ્થાન, ૮.૭૩ SGPA સાથે સાહિલ મંડલ અને નેત્ર ગાયકર દ્વિતીય સ્થાન તેમજ ૮.૫૫ SGPA સાથે અર્ચના કુશવાહા તૃતીય પ્રાપ્ત કરેલ છે. તેમનું નોંધપાત્ર શૈક્ષણિક પ્રદર્શન તેમના સમર્પણ, સખત મહેનત અને શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ સિદ્ધિ વિદ્યાર્થીઓના અને તેમના પરિવાર માટે સન્માન સાથે સદર સંસ્થાનું ગૌરવ પણ વધારે છે. કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી.ચૌહાણ તેમજ મેનેજમેન્ટ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આ પ્રશંસનીય સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતાં.

## વાપી મનપાના હોદ્દેદારોએ નામધા અને ચલા ખનકીની પ્રિમોન્સુન કામગીરીની સમીક્ષા કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** ચોમાસા પૂર્વે વાપી શહેર અને નવા જોડાયેલા ૧૧ ગામોમાં યુદ્ધના ધોરણે પ્રીમોન્સૂન કામગીરી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત આજે મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, અને તેમની ટીમે નામધા ખનકી અને ચલા ખનકી અને જે-ટાઈપ નવા અન્ડરબ્રીજ પાસેની ડ્રેનેજલાઈનમાં કરાઈ રહેલી કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. વાપી મહા પાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ શહેરમાં તેજ ગતિથી વિકાસ કાર્યો થઈ રહ્યા છે. સત્તાધીશોએ સત્તા સંભાળ્યા બાદ આ પ્રથમ ચોમાસું હોવાથી વાપી મહાનગરપાલિકા દ્વારા અત્યારથી જ આગોતરી તૈયારીઓના ભાગરૂપે પ્રીમોન્સૂન કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વાપી અને વલસાડ જિલ્લામાં દર વર્ષે ચોમાસામાં સરેરાશ ૧૨૫ ઈંચથી વધુ વરસાદ વરસે છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારો અને અંડરપાસમાં પાણી ભરાવાની વ્યાપક સમસ્યા સર્જાય છે. જો કે, અગાઉ સીમિત બજેટ ધરાવતી નગરપાલિકા હવે મહાનગરપાલિકા બનતાં બજેટમાં ધરખમ વધારો થયો છે, જેના લીધે તમામ વિસ્તાર માં આવેલ ડ્રેનેજ સફાઈ અને પંપ ટેસ્ટિંગ જેવી કામગીરી વ્યાપક સ્તરે હાથ ધરાઈ છે.

મહત્વપૂર્ણ છે કે, મહાનગરપાલિકા વિસ્તારમાં વાપી આજુબાજુના ૧૧ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યાં પણ ચોમાસા દરમિયાન સ્થાનિક લોકોને મુશ્કેલી ન પડે તે માટેની વ્યવસ્થા અંગે આજે વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી વિકાસના કામો તેમજ પ્રીમોનસુન કામગીરી ઝડપી પૂર્ણ કરવા અંગેની સૂચનો મનપાના આરોગ્ય વિભાગ તેમ જ ડ્રેનેજ વિભાગના અધિકારીઓને અપાઈ હતી.

Printed by Shri Nanalal V. Ukani, Published by N.V. Ukani on behalf of Sheetal Publication & Printed at Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI and Published at Sheetal Publication, Plot No. 160 Pruthviraj Chauhan Marg, Sahid Chowk, Hotel Visvanath, Shop No.4, Silvassa (D&NH), Editor : N.V. Ukani